# માતા-પિતાના અધિકારો
# મેરિલેન્ડ કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ અંગે નોટિસ



મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસ

**31 ડિસેમ્બર, 2008**

Maryland State Department of Education

Division of Special Education/Early Intervention Services

**મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન**

**ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસ**

200 West Baltimore Street

Baltimore, MD 21201

410-767-0858 (ફોન)

410-333-1571 (ફેક્સ)

http://www.marylandpublicschools.org

રોજગારીને અસર કરતી બાબતોમાં કે કાર્યક્રમોમાં પ્રવેશ આપવામાં મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન કોઈની પણ સાથે જાતિ, રંગ, લિંગભેદ, વય, મૂળ રાષ્ટ્રિયતા, ધર્મ કે અશકતતાને લગતા કોઈ ભેદભાવ નથી રાખતું. ખાતાકીય નીતિ માટે ઈક્વિટી એસ્યોરન્સ એન્ડ કોમ્પલાયન્સ બ્રાન્ચના વૉઈસ (410) 767-0433 અથવા ફેકસ (410) 767-0431 પર સંપર્ક કરવા વિનંતી. અશક્તતા ધરાવતા અમેરિકનોના (ADA) અધિનિયમની જોગવાઈઓ મુજબ આ દસ્તાવેજ વિનંતી કરવાથી અન્ય વૈકલ્પિક સ્વરૂપે પણ મળી શકે છે. ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસ, મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનનો વૉઈસં 410) 767-0858, અથવા ફેકસ (410) 333-1571 દ્વારા સંપર્ક કરવો.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ઓફિસ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ રીહેબિલિટેટીવ સર્વિસિસ IDEA ભાગ-બી ગ્રાંટ #HO27A070035A માંથી મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસ દ્વારા સહાય પૂરી પડાઈ છે. અહીં જે મંતવ્યો વ્યકત થયા છે તે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન અને અન્ય ફેડરલ એજન્સીના મંતવ્યને પ્રતિબિંબિત નથી કરતાં અને તેમ ગણાવું પણ ન જોઈએ. ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસ પોતાનું ફંડ ઓફિસ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન પ્રોગ્રામ્સ, ઓફિસ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ રીહેબિલિટેટીવ સર્વિસિસ, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન પાસેથી મેળવે છે. આ માહિતી કોપિરાઈટમાંથી મુક્ત છે. વાંચકો આની નકલ કરી અને વહેંચી શકે છે પણ ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસ, મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનને સૌજન્ય આપવા વિનંતી.

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION

Achievement Matters Most

સુધાર્યું ડિસેમ્બર ૨૩, ૨૦૦૮
અસર ડિસેમ્બર ૩૧, ૨૦૦૮

# વિષય-સૂચિ


***કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ......................................................................................... 1***

***માતૃભાષા ........................................................................................................................ 1***

***ઈલેક્ટ્રોનિક મેઈલ................................................................................................................ 1***

***પૂર્વ લેખિત નોટિસ.............................................................................................................. 1***

નોટિસ ........................................................................................................................1

લેખિત નોટીસની વિષય-વસ્તુ ..........................................................................................2

***સંમતિ ................................................................................................................................. 2***

પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ ........................................................................2

રાજ્યના પાલ્યોના પ્રારંભિક મૂલ્યાંકન માટેના ખાસ નિયમો ..........................................................2

સેવાઓ માટે માતા-પિતાની સંમતિ ......................................................................................3

સેવાઓ માટે માતા-પિતાની સંમતિ પાછી ખેંચવી ....................................................................3

પુર્નમૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ...................................................................................3

માતા-પિતાની સંમતિ મેળવવા વાજબી પ્રયાસોનું દસ્તાવેજીકરણ...................................................3

અન્ય સંમતિની જરૂરિયાતો...................................................................................................4

***સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન...................................................................................................... 4***

વ્યાખ્યાઓ.........................................................................................................................4

જાહેર સંસ્થાનો માપદંડ........................................................................................................4

જાહેર ખર્ચે મૂલ્યાંકન કરાવવાનો માતા-પિતાનો અધિકાર ........................................................4

માતા-પિતા દ્વારા શરૂ કરાયેલ મૂલ્યાંકન....................................................................................4

વહીવટી કાનૂની જજ (ALJ) દ્વારા મૂલ્યાંકન માટે વિનંતી ........................................................5

***માહિતીની ગુપ્તતા............................................................................................................... 5***

વ્યાખ્યાઓ.........................................................................................................................5

સલામતીઓ .......................................................................................................................5

સંમતિ...............................................................................................................................5

માહિતી પ્રાપ્તિના હકો..........................................................................................................6

માહિતી પ્રાપ્તિને રેકોર્ડ કરવી ...............................................................................................6

માતા-પિતાની વિનંતીથી રેકોર્ડમાં સુધારા ..............................................................................6

માહિતીનો નાશ કરવાની કાર્યપદ્ધતિઓ ...................................................................................6

બાળકોના અધિકારો ............................................................................................................7

શિસ્તવિષયક માહિતી...........................................................................................................7

***અશક્તતા ધરાવતા બાળકોની શિસ્ત........................................................................................ 7***

વ્યાખ્યાઓ.........................................................................................................................7

શાળાના કર્મચારીઓની સત્તા..................................................................................................7

પ્રદર્શન નિર્ણય ....... 7

**જગ્યાની** ફેરબદલી ....... 8

વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણ ....... 8

શિસ્તવિષયક કાર્યવાહીની અપીલ ....... 8

હજુ પાત્ર હોવાનું નક્કી ન કરાયેલ બાળક ....... 8

કાનૂની અમલ અને ન્યાયવિષયક સત્તાતંત્રોને સંદર્ભ અને તેમના દ્વારા કાર્યવાહી ....... 9

***જાહેર ખર્ચે ખાનગી શાળાઓમાં માતા-પિતા દ્વારા એકતરફી પ્લેસમેન્ટ ....... 9***

ભરપાઈની મર્યાદા ....... 9

***પુખ્ત વયે માતા-પિતાના અધિકારોની તબદીલી ....... 10***

***અસંમતિનું નિવારણ*** ....... 10

**મધ્યસ્થી** ....... 10

મધ્યસ્થીને પ્રોત્સાહન આપવા માટેની મિટિંગ ....... 11

***રાજ્ય ફરિયાદ અને યોગ્ય પ્રક્રિયા ફરિયાદ વચ્ચેનો તફાવત ....... 11***

**રાજ્ય ફરિયાદ ....... 11**

રાજ્ય ફરિયાદનું નિવારણ ....... 12

યોગ્ય પ્રક્રિયા સુનાવણીનો વિષય હોય તેવી રાજ્ય ફરિયાદનું નિવારણ ....... 12

**યોગ્ય પ્રક્રિયા ફરિયાદ ....... 12**

યોગ્ય પ્રક્રિયા ફરિયાદની વિષય-વસ્તુ ....... 12

યોગ્ય પ્રક્રિયા ફરિયાદનો જવાબ ....... 13

નોટિસની પર્યાપ્તતા ....... 13

કાર્યવાહી દરમિયાન બાળકની સ્થિતિ ....... 13

નિવારણની પ્રક્રિયા ....... 13

30 કેલેન્ડર દિવસની નિવારણ મુદતમાં સમાયોજન ....... 14

નિવારણ પતાવટ સમજૂતી ....... 14

યોગ્ય પ્રક્રિયા સુનાવણી ....... 14

વહીવટી કાનૂની જજ (ALJ) ....... 14

યોગ્ય પ્રક્રિયા ફરિયાદની વિષય-વસ્તુ ....... 15

સુનાવણી અધિકારો ....... 15

માહિતીનું અતિરિક્ત પ્રકટીકરણ ....... 15

માતા-પિતાના અધિકારો ....... 15

સુનાવણીનો નિર્ણય ....... 15

અલગ યોગ્ય પ્રક્રિયા ફરિયાદ ....... 15

સુનાવણીની સમયરેખા અને અનુકૂળતા ....... 15

ત્વરિત સમયરેખા ....... 16

સુનાવણી નિર્ણયની અંતિમતા ....... 16

**અપીલ ....... 16**

***એટર્નીની ફી ....... 16***

*જોડાણ*............................................................................................................................................ ***18***

# કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ

***કાર્યપદ્ધતિ વિષયક સલામતીની નોટિસમાં સહેલાઈથી સમજાય તેમ અને તમારી માતૃભાષામાં તમારા અધિકારોની સંપૂર્ણ સમજૂતિનો સમાવેશ કર્યો છે.***

આ દસ્તાવેજમાં સમાવિષ્ટ રક્ષણો, 2004ના અશક્તતા ધરાવનાર વ્યક્તિઓ અંગેના શિક્ષણ સુધારા અધિનિયમ (IDEA 2004), U.S.C. §1400 et. seq., અને IDEA 2004ને અમલમાં મૂકતા COMAR 13A.05.01.01-.16 અને COMAR 13A.08.03 દ્વારા સ્થાપિત કરાયાં છે. દરેક જાહેર સંસ્થા IDEA 2004ની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ સ્થાપિત કરશે, જાળવશે અને અમલમાં મૂકશે. માતા-પિતાને કાર્યપદ્ધતિ વિષયક સલામતીના દસ્તાવેજની વર્ષમાં એક વખત નકલ અપાય છે, સિવાય કે જાહેર સંસ્થાએ દસ્તાવેજની બીજી નકલ માતા-પિતાને:

- મૂલ્યાંકન માટે પ્રારંભિક સંદર્ભ કે માતા-પિતાની વિનંતીને આધારે આપવાની હોય;
- શાળા વર્ષમાં 34 CFR 300.151 થી 300*153 અન્વયે પ્રથમ રાજ્ય ખાસ શિક્ષણ ફરિયાદ મળી હોય તેના આધારે આપવાની હોય;
- શાળા વર્ષમાં 34 C.F.R §300.507 અન્વયે પ્રથમ યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળી હોય તેના આધારે આપવાની હોય;
- શિસ્તવિષયક પગલાં લેવાનો નિર્ણય કરાય ત્યારે આપવાની હોય; અને
- માતા-પિતાની વિનંતીને આધારે આપવાની હોય.

જાહેર સંસ્થા કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓની નોટિસની ચાલુ નકલ, જો તેની ઈન્ટરનેટ વેબસાઈટ હોય, તો તેના પર મૂકી શકે છે.

કાર્યપદ્ધતિ વિષયક સલામતીની નોટિસમાં સહેલાઈથી સમજાય તેમ અને તમારી માતૃભાષામાં તમારા અધિકારોની સંપૂર્ણ સમજૂતિનો સમાવેશ કર્યો છે, સિવાય કે તેમ કરવું સ્પષ્ટપણે શકય ન હોય. માતા-પિતાની માતૃભાષા કે અભિવ્યક્તિની બીજી પદ્ધતિ એ લેખિત ભાષા ન હોય, તો જાહેર સંસ્થા કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓનું મૌખિક રીતે અથવા માતા-પિતાની માતૃભાષાના બીજા સાધનો કે અભિવ્યક્તિની બીજી પદ્ધતિ દ્વારા ભાષાંતર કરાય તે સુનિશ્ચિત કરવા પગલાં લેશે. જાહેર સંસ્થાએ, નોટિસનું ભાષાંતર કરાયું હતું અને માતા-પિતા કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓની વિષય-વસ્તુ સમજ્યાં હતા તેના દસ્તાવેજીકરણ માટે લેખિત પુરાવો રાખવો જોઈશે.

## માતૃભાષા

***માતા-પિતાને સમજાય તેવી ભાષામાં માહિતી મેળવવાનો અધિકાર છે.***

જે વ્યક્તિને અંગ્રેજીમાં મર્યાદિત આવડત હોય તેવી વ્યક્તિ સાથે માતૃભાષા વાપરવામાં આવે ત્યારે તેનો અર્થ નીચે મુજબ થાય છે:

- સામાન્ય રીતે તે વ્યક્તિ દ્વારા વપરાતી, અથવા, બાળકના કિસ્સામાં, સામાન્ય રીતે બાળકના માતા-પિતા દ્વારા વપરાતી ભાષા;
- બાળક સાથેના તમામ સીધા સંપર્કમાં (બાળકના મૂલ્યાંકન સહિત), બાળક દ્વારા ઘરમાં અથવા શિક્ષણના વાતાવરણમાં સામાન્ય રીતે વપરાતી ભાષા.

બહેરાપણું અને આંધળાંપણું ધરાવતી વ્યક્તિઓ માટે, અથવા જેમને કોઇ ભાષા લખતા ન આવડે તેવી વ્યક્તિઓ માટે, અભિવ્યક્તિની પદ્ધતિઓ સામાન્ય રીતે તે વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી હોય (નિશાનીની ભાષા, બ્રેઇલ, કે મૌખિક અભિવ્યક્તિ) તે છે.

## ઈલકેટ્રોનિક મેઈલ

***માતા-પિતા, ઈલેકટ્રોનિક મેઈલનો વિકલ્પ ઉપલબ્ધ હોય તો તે મારફત નોટિસ મેળવવાનું પસંદ કરી શકે છે.***

જાહેર સંસ્થા માતા-પિતાને દસ્તાવેજ ઈ-મેઈલ દ્વારા મેળવવાનો પ્રસ્તાવ કરે, તો તમે નીચેના દસ્તાવેજો ઈ-મેઈલ દ્વારા મેળવવાનું પસંદ કરી શકો:

- પૂર્વ લેખિત નોટિસ;
- કાર્યપદ્ધતિ વિષયક સલામતી નોટિસ; **અને**
- યોગ્ય પ્રક્રિયા માટેની વિનંતીને લગતી નોટિસો.

## પૂર્વ લેખિત નોટિસ

***માતા-પિતાને તેમના બાળકોના ખાસ શિક્ષણને લગતાં જાહેર સંસ્થાના કાર્યો અંગે લેખિત માહિતી મેળવવાનો અધિકાર છે.***

**નોટિસ**
જાહેર સંસ્થા દરેક વખતે નીચેનાં પગલાં લે ત્યારે માતા-પિતાને લેખિત નોટિસ આપવી જોઇશે:

- તે બાળકની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક કાર્યક્રમ અથવા બાળકનું શૈક્ષણિક પ્લેસમેન્ટ (સ્થાનન) અથવા બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) પૂરું પાડવાની શરૂઆત કરવા કે તેમાં ફેરફાર કરવાનું વિચારે; અથવા

- તે બાળકની ઓળખ, મૂલ્યાંકન, શૈક્ષણિક કાર્યક્રમ અથવા બાળકનું શૈક્ષણિક પ્લેસમેન્ટ અથવા બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) પૂરું પાડવાની શરૂઆત કે તેમાં ફેરફાર કરવાનો ઈન્કાર કરે.

જેમાં માતા-પિતાની સંમતિ જરૂર હોય તેવા કાર્યને લગતી લેખિત નોટિસ હોય, ત્યારે જાહેર સંસ્થા એ જ વખતે લેખિત નોટિસ આપશે.

**લેખિત નોટિસની વિષય-વસ્તુ**

લેખિત નોટિસમાં નીચેનાનો સમાવેશ કરવો જોઇશે:

- જાહેર સંસ્થાએ પગલું લેવા કે ઈન્કાર કરવા વિચાર્યું હોય તે પગલાંનું વર્ણન કરવું જોઇશે;
- જાહેર સંસ્થા તે પગલું (લાં) લેવાનું શા માટે વિચારે છે અથવા ઈન્કાર કરે છે તેનું વર્ણન કરવું જોઇશે;
- પગલું લેવું (પગલા લેવાં) કે ઈન્કાર કરવો તે અંગે નિર્ણય કરવા જાહેર સંસ્થાએ ઉપયોગમાં લીધેલ દરેક મૂલ્યાંકન કાર્યપદ્ધતિ, મૂલ્યાંકન, રેકોર્ડ કે અહેવાલનું વર્ણન કરવું જોઇશે;
- IDEAમાં કાર્યપદ્ધતિ વિષયક સલામતીની જોગવાઈઓ અન્વયે માતા-પિતાને રક્ષણો મળે છે તેવું નિવેદન સામાવિષ્ટ કરવું જોઇશે;
- જાહેર સંસ્થાએ લેવા વિચારેલ કે ઈન્કાર કરેલ પગલું એ મૂલ્યાંકન માટેનો પ્રારંભિક સંદર્ભ ન હોય, તો માતા-પિતાને જણાવવું જોઇશે કે કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ અંગેનું વર્ણન તેઓ કેવી રીતે મેળવી શકે;
- IDEA સમજવામાં મદદ માટે માતા-પિતાએ જેમનો સંપર્ક કરવાનો હોય તે પ્રાપ્તિ સ્થાનોનો સમાવેશ કરવો જોઇશે;
- બાળકના વ્યકિતગતકૃત શૈક્ષણિક કાર્યક્રમ (IEP)ની ટીમ જે બીજી કોઈ પસંદગીઓ વિચારે તેનું અને શા માટે તે પસંદગીઓનો અસ્વીકાર કરવામાં આવે છે તેનાં કારણોનું વર્ણન કરવું જોઇશે; **અને**
- જાહેર સંસ્થા પગલું લેવા શા માટે વિચારે છે અથવા ઈન્કાર કરે છે તેનાં બીજાં કારણોનું વર્ણન પૂરું પાડવું જોઇશે.

# સંમતિ

***જાહેર સંસ્થાએ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે બાળકનું મૂલ્યાંકન કરતા પહેલાં, અને તેને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડતા પહેલાં માતા-પિતાની સંમતિ લેવી જોઈશે. માતા-પિતાને સંમતિ પાછી ખેંચવાનો અધિકાર છે. મૂલ્યાંકન માટેની સંમતિ અંગે કેટલાક અપવાદો હોય છે.***

સંમતિ એટલે :

- જે માટે સંમતિ માગવામાં આવી હોય તે પ્રવૃત્તિ સાથે સંબંધિત તમામ માહિતી માતા-પિતાને તેમની માતૃભાષામાં કે અભિવ્યકિતની બીજી પદ્ધતિથી સંપૂર્ણપણે માહિતગાર કરવામાં આવ્યા છે;
- જે માટે સંમતિ માંગવામાં આવી હોય તે પ્રવૃત્તિ હાથ ધરવાની પ્રક્રિયા અંગે માતા-પિતા સમજે છે અને લેખિતમાં સંમત થાય છે અને સંમતિમાં જાહેર કરવાની પ્રવૃત્તિ અને રેકોર્ડની (કોઈ હોય તો) યાદીઓનું અને તેને કોની સમક્ષ જાહેર કરાય છે તેનું વર્ણન હોય છે; અને
- માતા-પિતા સમજે કે સંમતિ આપવી સ્વૈચ્છિક છે અને કોઈપણ સમયે તે પાછી ખેંચી શકાય છે.

જો માતા-પિતા સંમતિ પાછી ખેંચી લે, તો જાહેર સંસ્થાને સંમતિ મળે અને તે પાછી ખેંચાય તે વચ્ચેના સમયગાળામાં જે કોઈ પગલું લેવાય તે રદ થતું નથી.

**તેમના બાળકને પહેલાં ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ મળી હોય તે પછી જો માતા-પિતા તેમના બાળકને ખાસ શિક્ષણ સેવાઓ મળે તે અંગેની સંમતિ, લેખિતમાં રદ કરે તો, જાહેર સંસ્થા માટે સંમતિ પાછી ખેંચવાના કારણે એ જરૂરી નથી કે તે બાળકને મળેલ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ અંગેના કોઇ પણ સંદર્ભનો, બાળકના શિક્ષણના રેકોર્ડમાં સુધારો કરે.**

**પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ**

બાળક ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે પાત્ર છે કે કેમ તે નક્કી કરવા, જાહેર સંસ્થા બાળકનું મૂલ્યાંકન હાથ ધરી શકે તે પહેલાં, જાહેર સંસ્થાએ નીચેની બાબતો કરવી જોઇશે:

- પ્રસ્તાવિત પગલાં અંગેની પૂર્વ લેખિત નોટિસ માતા-પિતાને આપવી જોઈશે; **અને**
- માતા-પિતાની સંમતિ મેળવવી જોઇશે.

બાળક અશકતતા ધરાવતું બાળક છે કે કેમ અને તેને માટે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવી જરૂરી છે કે કેમ તે નક્કી કરવા પ્રારંભિક મૂલ્યાંકન માટે જાહેર સંસ્થાએ માહિતગાર સંમતિ મેળવવાના વાજબી પ્રયત્નો કરવા જોઈશે.

પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિનો અર્થ એવો નથી કે, માતા-પિતા જાહેર સંસ્થાને તેમના બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવાનું શરૂ કરવાની પણ સંમતિ આપે છે.

**રાજ્યના પાલ્યોના પ્રારંભિક મૂલ્યાંકન માટેના ખાસ નિયમો**

બાળક રાજ્યનું પાલ્ય હોય અને તેના/તેણીના માતા-પિતા સાથે ન રહેતું હોય, તો જાહેર સંસ્થાએ, બાળક અશકતતા ધરાવતું બાળક છે કે કેમ તે નક્કી કરવા પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતા પાસેથી સંમતિ મેળવવાની જરૂર નથી, જો:

- તેમ કરવાના વાજબી પ્રયત્નો કરવા છતાં, જાહેર સંસ્થા બાળકના માતા-પિતાને શોધી ન શકે;

- રાજ્યના કાયદા અનુસાર માતા-પિતાના અધિકારો રદ કરવામાં આવ્યા હોય; **અથવા**
- જજે, શૈક્ષણિક નિર્ણયો કરવા અને પ્રારંભિક મૂલ્યાંકન માટે સંમતિ આપવાનો અધિકાર માતા-પિતા સિવાયની બીજી વ્યકિતને આપ્યા હોય.

**સેવાઓ માટે માતા-પિતાની સંમતિ**

બાળકને પ્રથમ વખત ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડતાં પહેલાં, જાહેર સંસ્થાએ માહિતગાર સંમતિ મેળવવા વાજબી પ્રયત્નો કરવા જોઈશે.

જાહેર સંસ્થાએ, માતા-પિતાની સંમતિ વિના બાળકને, બાળકની IEP ટીમ દ્વારા ભલામણ કરાયેલ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડી શકાય એવી સમજૂતિ કે ચુકાદો મેળવવા મધ્યસ્થી કે યોગ્ય પ્રક્રિયા કાયપદ્ધતિનો ઉપયોગ કરવો **જોઈશે નહીં**, જો માતા-પિતા:

- તેમના બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ માટે સંમતિ આપવાનો ઈન્કાર કરે; અથવા
- પ્રથમ વખત માટે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જોગવાઈ કરવા માટે સંમતિ આપવાની વિનંતીનો જવાબ ન આપે.

માતા-પિતા પ્રથમ વખત તેમના બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવા માટે સંમતિ આપવાનો ઈન્કાર કરે, અથવા માતા-પિતા સંમતિ આપવાની વિનંતીનો જવાબ ન આપે, તો જાહેર સંસ્થા:

- તેમના બાળકને ઉપલબ્ધ મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) આપવાની જોગવાઈ કરવા જરૂરિયાતનો ભંગ કરશે નહીં; **અને**

તેમના બાળક માટે વ્યકિતગતકૃત શિક્ષણ કાર્યક્રમ (IEP)ની મિટિંગ રાખવા કે IEP વિકસાવવાની જરૂર નથી.

**સેવાઓ માટે માતા-પિતાની સંમતિ પાછી ખેંચવી**

**જાહેર સંસ્થાએ ખાસ શિક્ષણ અને સંબધિત સેવાઓ અંગેની શરુઆતની જોગવાઇ ચાલુ કરી દીધા પછી જો બાળકના માતા-પિતા, ખાસ શિક્ષણ અને સંબધિત સેવાઓ ચાલુ રાખવાની જોગવાઇ અંગેની સંમતિ લેખિતમાં રદ કરે તો**

- **જાહેર સંસ્થા માટે, સંમતિ પાછી ખેંચવાના કારણે એ જરૂરી નથી કે તે બાળકને મળેલ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ અંગેના કોઇ પણ સંદર્ભનો, બાળકના શિક્ષણના રેકોર્ડમાં સુધારો કરે;**

- **બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવાનું ચાલુ ના રાખી શકે, પરંતુ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવાનું બંધ કરતા પહેલાં, માતા-પિતાની ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ બંધ કરવાની લેખિત વિનંતી વાળા માતા-પિતાને પૂર્વ લેખિત નોટિસ આપવી જોઇશે;**

- **સેવાઓ બાળકને આપવી જોઇશે તેમ માટેની સમજૂતી અથવા નિર્ણય મેળવવા માટે મધ્યથી કે યોગ્ય પ્રક્રિયા પદ્ધતિનો ઉપયોગ નહીં કરે;**

- **બાળકને વધારાની ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવામાં નિષ્ફળ જવાને કારણે, બાળકને FAPE ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાતનું ઉલ્લંઘન કર્યું હોય તેવું ગણવામાં નહી આવે; અને**

- **જાહેર સંસ્થા માટે બાળકને વધારાની ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ આપવાની જોગવાઇ માટે IEP ટીમ મિટિંગ બોલાવવી કે બાળક માટે IEP વિકસાવવી જરૂરી નથી.**

**સંમતિ પાછી ખેંચવાથી, સંસ્થાને સંમતિ મળી તે સમયથી સંમતિ પાછી ખેંચવા પહેલાંના સમય વચ્ચે કરવામાં આવેલ કોઇ કાર્ય રદ થતું નથી.**

**પુર્નમૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ**

બાળકના નવાં વ્યકિતગત મૂલ્યાંકનો હાથ ધરે તે પહેલાં જાહેર સંસ્થાએ માહિતગાર સંમતિ મેળવવી જોઈશે, સિવાય કે જાહેર સંસ્થા દર્શાવે કે :

- તેણે પુર્નમૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ મેળવવા વાજબી પગલાં લીધાં છે, **અને**
- માતા-પિતાએ જવાબ આપ્યો નથી.

માતા-પિતા નવા મૂલ્યાંકનો માટે સંમતિ નકારે, તો જાહેર સંસ્થા મધ્યસ્થી તથા યોગ્ય પ્રક્રિયા કાર્યપદ્ધતિ દ્વારા માતા-પિતાની સંમતિની ઉપરવટ જઈ શકે, પરંતુ તેમ કરવું જરૂરી નથી. પ્રારંભિક મૂલ્યાંકનની જેમ જાહેર સંસ્થા નવાં મૂલ્યાંકનો કરવાનો ઈન્કાર કરે, તો તે IDEA અન્વયે તેની ફરજોનો ભંગ કરતી નથી.

**માતા-પિતાની સંમતિ મેળવવા વાજબી પ્રયાસોનું દસ્તાવેજીકરણ**

જાહેર સંસ્થાએ, પ્રારંભિક મૂલ્યાંકન માટે માતા-પિતાની સંમતિ મેળવવા, પ્રથમ વખત માટે ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જોગવાઈ કરવા, પુર્નમૂલ્યાંકન કરવા, અને પ્રારંભિક મૂલ્યાંકન માટે રાજ્યના પાલ્યોના માતા-પિતાને શોધવાના વાજબી પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરવું જોઈશે.

દસ્તાવેજીકરણમાં માતા-પિતાની સંમતિ મેળવવા જાહેર સંસ્થાના પ્રયાસોના રેકોર્ડનો સમાવેશ કરવો જોઈશે, જેમકે :

- કરેલા કે પ્રયત્ન કરેલ ટેલિફોન કોલ્સ અને તે કોલ્સનાં પરિણામોનો વિગતવાર રેકોર્ડ;

- માતા-પિતાને મોકલેલ પત્ર-વ્યવહારની નકલો અને મળેલ કોઈપણ જવાબો; **અને**
- માતા-પિતાના ઘર કે નોકરીની જગ્યાએ લીધેલી મૂલાકાતાનો અને તે મૂલાકાતોનાં પરિણામોનો વિગતવાર રેકોર્ડ.

**અન્ય સંમતિની જરૂરિયાતો**

જાહેર સંસ્થા સમક્ષ માતા-પિતાની સંમતિની જરૂર **નથી**:

- તમારા બાળકના મૂલ્યાંકન કે પુર્નમૂલ્યાંકનના ભાગ તરીકે હાલની વિગતોની સમીક્ષા કરે; **અથવા**
- તમામ બાળકોની જે કસોટી લેવાય કે અન્ય મૂલ્યાંકન કરાય તે જ કસોટી કે મૂલ્યાંકન આપના બાળકનું કરાશે, સિવાય કે એ પરીક્ષા કે મૂલ્યાંકન પહેલાં તમામ બાળકોના તમામ માતા-પિતાની સંમતિની જરુર પડતી હોય.

જાહેર સંસ્થા, માતા-પિતાએ એક સેવા કે પ્રવૃત્તિ માટે સંમતિ આપવા કરેલા ઈન્કારનો ઉપયોગ, માતા-પિતા કે બાળક માટે બીજી કોઈ સેવા, લાભ કે પ્રવૃત્તિનો ઈન્કાર કરવા માટે કરી શકશે નહીં.

માતા-પિતા પોતાના ખર્ચે પોતાના બાળકને ખાનગી શાળામાં દાખલ કરે, તો જાહેર સંસ્થા બાળકની પાત્રતા નક્કી કરવા મધ્યસ્થી કે યોગ્ય કાર્યવાહી પ્રક્રિયાનો ઉપયોગ કરી શકશે નહીં અને બાળક સમકક્ષ સેવાઓ મેળવવા પાત્ર છે એમ માનવું જરૂરી બનતું નથી; જો:

- માતા-પિતા તેમના બાળકના પ્રારંભિક મૂલ્યાંકન કે પુર્નમૂલ્યાંકન માટે સંમતિ ન આપે; **અથવા**
- માતા-પિતા સંમતિ આપવાની વિનંતીનો જવાબ આપવામાં નિષ્ફળ જાય.

## સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન

***જાહેર સંસ્થા દ્વારા પૂરાં કરાયેલ મૂલ્યાંકન અંગે માતા/પિતા અસંમત થાય, તો માતા/પિતાને જાહેર સંસ્થા માટે કામ ન કરતી બીજી કોઈ વ્યકિત પાસે બાળકનું મૂલ્યાંકન કરાવવાનો અધિકાર છે.***

**વ્યાખ્યાઓ**

સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન એટલે બાળકના શિક્ષણ માટે જવાબદાર જાહેર સંસ્થા દ્વારા કામે ન રખાયેલ યોગ્ય રીતે લાયકાત ધરાવતા કર્મચારીઓ દ્વારા હાથ ધરાયેલ કસોટીઓ અને મૂલ્યાંકન કાર્યપદ્ધતિઓ.

- જાહેર ખર્ચ એટલે ક્યાં તો જાહેર સંસ્થા મૂલ્યાંકનનો પૂરેપૂરો ખર્ચ ચૂકવે અથવા સુનિશ્ચિત કરે કે માતા-પિતાને કશો ખર્ચ કર્યા વિના મૂલ્યાંકનની જોગવાઈ કરાય.

માતા-પિતા, નીચેની કાર્યપદ્ધતિઓને આધીન રહીને IDEA અન્વયે પોતાના બાળકનું સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાનો અધિકાર ધરાવે છે. જાહેર સંસ્થા માતા-પિતાને, સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન માટેની વિનંતી મળ્યેથી, નીચેની બાબતો અંગેની માહિતી પૂરી પાડશે:

- સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કયાંથી કરાવી શકાય; **અને**
- સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન માટે જાહેર સંસ્થાના લાગુ પાડતા માપદંડ .

**જાહેર સંસ્થાના માપદંડ**

સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન જાહેર ખર્ચે થાય, ત્યારે મૂલ્યાંકનનું સ્થળ તથા પરીક્ષકની લાયકાતો સહિત જે માપદંડ હેઠળ સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાય તે જાહેર સંસ્થા મૂલ્યાંકન શરૂ કરે ત્યારે જે માપદંડનો ઉપયોગ કરે તે માપદંડ, માતા-પિતાના સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકનના અધિકાર સાથે સુસંગત હોય તેટલા પ્રમાણમાં જ સમાન હોવા જોઇશે. ઉપર દર્શાવેલ માપદંડ સિવાય, જાહેર સંસ્થા જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન મેળવવા સાથે સંબંધિત શરતો કે સમયરેખા લાદી શકશે નહીં.

**જાહેર ખર્ચે મૂલ્યાંકન કરાવવાનો માતા-પિતાનો અધિકાર**

માતા-પિતા જાહેર સંસ્થા દ્વારા કરાયેલ મૂલ્યાંકન સાથે સંમત ન હોય, તો માતા-પિતાને જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાનો અધિકાર છે. માતા-પિતા જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન માટે વિનંતી કરે, તો જાહેર સંસ્થાએ બિનજરૂરી વિલંબ કર્યા વિના નીચે મુજબ કરવું જોઈશે :

- ક્યાં તો તેનું મૂલ્યાંકન યોગ્ય છે એમ દર્શાવવા યોગ્ય પ્રક્રિયા સુનાવણી સુનાવણી શરૂ કરવી; અથવા
- સુનાવણીની માં દ્વારા કરાયેલ , જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન પૂરું પાડવામાં આવે તેની ખાતરી કરવી, સિવાય કે યોગ્ય પ્રક્રિયા સુનાવણીમા જાહેર સંસ્થા દર્શાવે કે માતા-પિતાને મળેલ મૂલ્યાંકન જાહેર સંસ્થાના માપદંડને પરિપૂર્ણ કરતા નથી.

જાહેર સંસ્થા જો યોગ્ય પ્રક્રિયા સુનાવણી શરૂ કરે અને આખરી નિર્ણય એવો આવે કે જાહેર સંસ્થાનું મૂલ્યાંકન યોગ્ય છે, તો પણ માતા-પિતાને સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાનો અધિકાર છે, પરંતુ તે જાહેર ખર્ચે નહીં.

જો માતા-પિતા સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન માટે વિનંતી કરે, તો માતા-પિતા જાહેર મૂલ્યાંકન અંગે શા માટે વાંધા લે છે તે અંગેનું કારણ જાહેર સંસ્થા માતા-પિતાને પૂછી શકે છે. આમ છતાં, માતા-પિતાનો ખુલાસો જરૂરી નથી અને જાહેર સંસ્થા ક્યાં તો જાહેર ખર્ચે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન પૂરું પાડવામાં ગેરવાજબી વિલંબ ન કરી શકે અથવા જાહેર સંસ્થાના મૂલ્યાંકનનો બચાવ કરવા યોગ્ય પ્રક્રિયા સુનાવણી શરૂ કરવામાં વિલંબ ન કરી શકે.

**માતા-પિતા દ્વારા શરૂ કરાયેલ મૂલ્યાંકન**

માતા-પિતાને પોતાના ખર્ચે, પોતાની પસંદગીના લાયક વ્યાવસાયિકો પાસેથી સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન કરાવવાનો હંમેશા અધિકાર રહે છે. IEP ટીમ, બાળકને FAPEની જોગવાઈ કરવાના સંબંધમાં કોઈ નિર્ણય લે ત્યારે, માતા-પિતાએ ખાનગી ખર્ચે કરાયેલ મૂલ્યાંકન, જો તે જાહેર સંસ્થાના માપદંડ પરિપૂર્ણ કરતું હોય તો, તેની માહિતી વિચારણામાં લેવી જોઈશે. માતા-પિતાએ કરાવેલ ખાનગી મૂલ્યાંકનના પરિણામો, બાળક અંગે યોગ્ય પ્રક્રિયા સુનાવણી વખતે પુરાવા તરીકે પણ રજૂ કરી શકાય છે.

**વહીવટી કાનૂની જજ (ALJ) દ્વારા મૂલ્યાંકન માટે વિનંતી**

વહીવટી સુનાવણી કચેરી (OAH)ના વહીવટી કાનૂની જજ (ALJ) જો યોગ્ય પ્રક્રિયા સુનાવણીના ભાગ તરીકે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન માટે વિનંતી કરે, તો મૂલ્યાંકનનો ખર્ચ જાહેર ખર્ચમાંથી કરવું જોઈશે.

## માહિતીની ગુપ્તતા

***માતા-પિતાને તેમના બાળકનો રેકોર્ડ જોવાનો અને તેઓને લાગે કે તેમના બાળકનો રેકોર્ડ સાચો નથી તો તે સુધારવા જાહેર સંસ્થાને જણાવવાનો અધિકાર છે. માતા-પિતાને તેમના બાળકની માહિતી જાહેર કરવા સંમતિ આપવાનો અધિકાર છે, પરંતુ કેટલાક સંજોગોમાં સંમતિની જરૂર હોતી નથી. માતા-પિતાને અધિકાર છે કે તેઓ જાહેર સંસ્થા પાસેથી તેમના બાળકનો શૈક્ષણિક રેકોર્ડ ગુપ્ત રાખવાની અપેક્ષા રાખે અને જાહેર સંસ્થાને તેની જરુર ન હોય ત્યારે તેમને તેમના બાળકના રેકોર્ડનો નાશ કરવા કહે.***

**વ્યાખ્યાઓ**

નાશ કરવો એટલે માહિતીનો પ્રત્યક્ષ રીતે નાશ કરવો કે તેમાંથી વ્યકિતગત ઓળખના તત્ત્વો દૂર કરવા, જેથી માહિતી વ્યકિતગત રીતે ઓળખપાત્ર ન રહે.

શૈક્ષણિક રેકોર્ડર્સ એટલે 34 C.F.R ભાગ 99 માં (1974ના પરિવારના શૈક્ષણિક અધિકારો અને ગુપ્તતા અધિનિયમ (FERPA)નો અમલ કરતા વિનિયમો) 'શૈક્ષણિક રેકોર્ડર્સ'ની વ્યાખ્યા અન્વયે આવરી લીધેલ રેકોર્ડનો પ્રકાર.

ભાગ લેતી સંસ્થા એટલે કોઈપણ સંસ્થા અથવા ઈન્સ્ટિટ્યુશન કે જે IDEAના ભાગ બી હેઠળ વ્યકિતગત રીતે ઓળખપાત્ર માહિતી ભેગી કરે, જાળવે અથવા તેનો ઉપયોગ કરે, અથવા જેની પાસેથી માહિતી મેળવવામાં આવે.

વ્યકિતગત રીતે ઓળખપાત્ર માહિતીમાં નીચેનાનો સમાવેશ થાય છે :

- બાળક, બાળકના માતા-પિતા અથવા કુટુંબના અન્ય સભ્યનું નામ;
- બાળકનું સરનામું;
- વ્યકિતગત ઓળખનું તત્ત્વ, જેમ કે બાળકનો સામાજિક સુરક્ષા નંબર; અથવા
- બાળકને વાજબી ચોકસાઈથી ઓળખવાનું શકય બની શકે તેવા વ્યક્તિગત લક્ષણો કે અન્ય માહિતીની યાદી.

**સલામતીઓ**

દરેક ભાગ લેતી સંસ્થાએ, વ્યકિતગત ઓળખપાત્ર માહિતી ભેગી કરવાના, તેનો સંગ્રહ કરવાના, તેને જાહેર કરવાના અને નાશ કરવાના તબક્કે તેની ગુપ્તતાનું રક્ષણ કરવાનું રહેશે. જાહેર સંસ્થાના એક અધિકારી વ્યકિતગત ઓળખપાત્ર માહિતીની ગુપ્તતાનું રક્ષણ કરવા જવાબદાર હોય છે. આ કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓની જરૂરિયાતો ઉપરાંત ફેડરલ અને રાજ્યના કાયદા અને વિનિયમો પણ શૈક્ષણિક રેકોર્ડર્સનું રક્ષણ કરવા અંગેનું નિયમન કરે છે. વ્યકિતગત ઓળખપાત્ર માહિતી એકઠી કરનાર કે ઉપયોગ કરનાર તમામ જાહેર સંસ્થાના કર્મચારીઓને વ્યકિતગત ઓળખપાત્ર માહિતીની ગુપ્તતા અંગે રાજ્યની નીતિઓ અને કાર્યપદ્ધતિઓના સંબંધમાં તાલીમ આપવી જોઈશે. દરેક ભાગ લેતી સંસ્થાએ, વ્યકિગત ઓળખપાત્ર માહિતી મેળવી શકે તેવા સંસ્થાના કર્મચારીઓના નામો અને હોદ્દાની ચાલુ યાદી જાહેર નિરીક્ષણ માટે જાળવવાની રહેશે.

**સંમતિ**

જાહેર સંસ્થા એ IDEA હેઠળ માહિતી ભેગી કરનારા અથવા તેનો ઉપયોગ કરનારા સહભાગી સંસ્થાઓના અધિકારીઆ સિવાયની કોઈ વ્યક્તિ સમક્ષ, અથવા અશકતતા ધરાવતા બાળકને IDEA હેઠળ FAPE પૂરું પાડવાની જરૂરિયાતોને પૂરી કરનારા હેતુ સિવાયના અન્ય હેતુ માટે, વ્યક્તિગત રીતે ઓળખપાત્ર માહિતી જાહેર કરતા પહેલાં માતા-પિતાની સંમતિ લેવાની રહેશે અશકતતા ધરાવતા બાળક દ્વારા કરાયેલ ગુનાની જાણ કરવા અંગે કાયદાના અમલીકરણ અને ન્યાયતંત્રના અધિકારીઓને સંદર્ભ માટે અને પગલાં લેવા માહિતી જાહેર કરવાના સંબંધમાં, FERPA દ્વારા પ્રસારણ માટે છૂટ હોય તેટલી હદે માતા-પિતાની સંમતિ મેળવવી જરૂરી નથી.

શૈક્ષણિક સંસ્થા કે ઈન્સ્ટિટ્યુશન, FERPA હેઠળ માહિતી જાહેર કરવાની છૂટ હોય તે સિવાય, માતા-પિતાની સંમતિ વિના ભાગ લેનાર સંસ્થાઓ શિક્ષણના રેકોર્ડ પરથી માહિતી જાહેર કરી શકશે નહીં. MSDE એ, રાજ્યની નીતિઓ અને કાર્યપદ્ધતિઓ અનુસરવામાં આવે, અને IDEA તથા FERPA અનુસાર ગુપ્તતા માટેની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં આવે તેની ખાતરી કરવા રાજ્ય જેનો ઉપયોગ કરે તે મંજૂરીઓ સહિત, જાહેર સંસ્થાઓ માટેની નીતિઓ અને કાર્યપદ્ધતિઓ વિકસાવી છે.

દરેક જાહેર સંસ્થા પાસે નીચેની બાબતો સહિત વ્યકિતગત ઓળખપાત્ર માહિતીની ગુપ્તતાની જરૂરિયાતો અંગે માતા-પિતાને સંપૂર્ણ માહિતી આપતી પર્યાપ્ત નોટિસ કેવી રીતે આપવી તે અંગેની કાર્યપદ્ધતિઓ હોવી જરૂરી છે.

- રાજ્યના વિવિધ વસતિવાળાં જૂથોને જે પ્રમાણમાં માતૃભાષામાં નોટિસ આપવામાં આવી હોય તેનું વર્ણન;
- જેમના માટે વ્યકિતગત ઓળખપાત્ર માહિતી જાળવવામાં આવી હોય તે બાળકોનું, અને મેળવેલ માહિતીના પ્રકારનું વર્ણન;

- ભાગ લેનાર સંસ્થાઓએ, વ્યકિતગત ઓળખપાત્ર માહિતીના સંગ્રહ, ત્રીજા પક્ષકારને તે પ્રગટ કરવા, રાખી મૂકવા અને નાશ કરવા અંગે અનુસરવી જરૂરી એવી નીતિઓ અને કાર્યપદ્ધતિઓનો સારાંશ;
- માતા-પિતા સંમતિ આપવાનો ઈન્કાર કરે તેવા પ્રસંગે, વાપરવામાં આવતી નીતિઓ અને કાર્યપદ્ધતિઓનું વર્ણન; અને
- FERPA અન્વયે અધિકારો તથા 34 C.F.R § 99માં આપેલ અમલીકરણ વિનિયમો સહિત આ માહિતી અંગે માતા-પિતા અને બાળકોના તમામ અધિકારોનું વર્ણન.

કોઈપણ મુખ્ય ઓળખ, શોધ કે મૂલ્યાંકન પ્રવૃત્તિ કરતાં પહેલાં, યોગ્ય ફેલાવો ધરાવતાં વર્તમાનપત્રો કે અન્ય સંચાર માધ્યમો કે બંનેમાં નોટિસ પ્રકાશિત કરવી કે જાહેર કરવી જોઈશે, જેથી પ્રવૃત્તિના સમગ્ર અધિકારક્ષેત્રમાં માતા-પિતાને જાણ કરી શકાય.

**માહિતી પ્રાપ્તિ હકો**

દરેક જાહેર સંસ્થાએ, માતા-પિતાને, તેમના બાળકની ઓળખ, મૂલ્યાંકન અને શૈક્ષણિક પ્લેસમેન્ટ, તથા FAPEની જોગવાઈના સંબંધમાં જાહેર સંસ્થા દ્વારા ભેગા કરેલ, જાળવેલ કે ઉપયોગમાં લીધેલ તેમના બાળક અંગેના કોઈપણ શૈક્ષણિક રેકોર્ડનું નિરીક્ષણ કરવા અને જોવાની છૂટ આપવાની રહેશે. જાહેર સંસ્થાએ બિનજરૂરી વિલંબ કર્યા વિના અને IEPને લગતી કોઈપણ મિટિંગ પહેલાં, અથવા કોઈપણ યોગ્ય પ્રક્રિયા સુનાવણી પહેલાં અને કોઇપણ સંજોગોમાં વિનંતી કરવામાં આવ્યા પછીના 45 દિવસોની અંદર વિનંતીનું પાલન કરવાનું રહેશે.

આ કલમ અન્વયે શૈક્ષણિક રેકોર્ડનું નિરીક્ષણ કરવાના અને સમીક્ષા કરવાના માતા-પિતાના અધિકારમાં, નીચેના માતા-પિતાના અધિકારનો સમાવેશ થાય છે:

- રેકોર્ડના ખુલાસા અને અર્થઘટન માટે વાજબી વિનંતીઓ અંગે જાહેર સંસ્થાનો જવાબ;
- નકલો મોકલવામાં નિષ્ફળ જવાથી માતા-પિતાને રેકોર્ડનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાના અધિકારને અસરકારક રીતે અટકાવે તો, જાહેર સંસ્થાએ રેકોર્ડની નકલો મોકલવી એવી વિનંતી.
- માતા-પિતાના પ્રતિનિધિ રેકોર્ડનું નિરીક્ષણ અને સમીક્ષા કરી શકે.

વાલીપણા, છૂટા પડવા અને છૂટાછેડા જેવી બાબતોનું સંચાલન કરવા લાગુ પડતા રાજ્યના કાયદા અન્વયે માતા-પિતાને સત્તા ન હોવા અંગે જાહેર સંસ્થાને સલાહ આપવામાં આવી હોય તે સિવાય, જાહેર સંસ્થા માની લે છે કે માતા-પિતાને તેમના બાળકને લગતા રેકોર્ડનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાની સત્તા છે.

**માહિતી પ્રાપ્તિને રેકોર્ડ કરવી**

દરેક જાહેર સંસ્થાએ, વ્યકિતનું નામ, પ્રવેશ આપ્યાની તારીખ, અને જે હેતુ માટે વ્યકિતને રેકોર્ડનો ઉપયોગ કરવાની સત્તા આપી હોય તે હેતુ સહિત IDEAના ભાગ બી હેઠળ ભેગા કરેલ, જાળવેલ કે ઉપયોગમાં લીધેલ શિક્ષણ રેકોર્ડ પ્રાપ્ત કરવા જાહેર સંસ્થાના અધિકૃત કર્મચારીઓ અને માતા-પિતા સિવાયની વ્યકિતઓનું રેકોર્ડ રાખવાનું રહેશે. કોઈપણ શિક્ષણ રેકોર્ડમાં એક કરતાં વધુ બાળકોની માહિતી સમાવિષ્ટ હોય, તો તેવાં બાળકોના માતા-પિતા, તેમના બાળકની જ માહિતીનું નિરીક્ષણ અને સમીક્ષા કરવાનો અથવા તે ચોક્કસ માહિતીની જાણ કરવામાં આવે તેવો અધિકાર ધરાવે છે. દરેક જાહેર સંસ્થા, વિનંતી કર્યેથી, જાહેર સંસ્થા દ્વારા ભેગો કરાયેલ, જાળવેલ કે વાપરેલ શૈક્ષણિક રેકોર્ડના પ્રકારો અને સ્થળોની યાદી પૂરી પાડવાની રહેશે. દરેક જાહેર સંસ્થા માતા-પિતા માટે કરાવેલ શૈક્ષણિક રેકોર્ડની નકલો માટે ફી વસૂલ કરી શકશે, જો તે ફી માતા-પિતાને રેકોર્ડનું નિરીક્ષણ અને સમીક્ષાના અધિકારોનો અમલ કરતા અટકાવે નહીં, . જાહેર સંસ્થા શૈક્ષણિક રેકોર્ડમાંથી માહિતી શોધવા કે પાછી મેળવવા માટે ફી વસૂલી શકશે નહીં.

**માતા-પિતાની વિનંતીથી રેકોર્ડમાં સુધારા**

માતા-પિતાને લાગે કે IDEA અન્વયે ભેગી કરેલ, જાળવેલ કે વાપરેલ શૈક્ષણિક રેકોર્ડની માહિતી અચોક્કસ છે કે ગેરમાર્ગે દોરે છે અથવા તેમના બાળકની ગુપ્તતા કે અન્ય અધિકારોનું ઉલ્લંઘન કરે છે, તો માતા-પિતા માહિતી સંભાળનાર જાહેર સંસ્થાને માહિતીમાં સુધારણા કરવાની વિનંતી કરી શકે. જાહેર સંસ્થાએ વિનંતી મળ્યાના વાજબી સમયની અંદર માતા-પિતાની વિનંતી અનુસાર માહિતી સુધારવી કે કેમ તેનો નિર્ણય કરવાનો રહેશે. જાહેર સંસ્થા વિનંતી અનુસાર માહિતી સુધારવાનો ઈન્કાર કરે, તો તેઓએ માતા-પિતાને તેમના ઈન્કારની જાણ કરવાની રહેશે અને શૈક્ષણિક રેકોર્ડની માહિતી પડકારવા સુનાવણીના તેમના અધિકારનો ઉપયોગ કરવા માતા-પિતાને સલાહ આપશે. શૈક્ષણિક રેકોર્ડની માહિતી પડકારવા સંચાલિત સુનાવણી 34 C.F.R § 99.22માં જણાય છે તે મુજબની FERPA કાર્યપદ્ધતિઓ અનુસાર હાથ ધરવી જોઇશે.

જાહેર સંસ્થાએ શૈક્ષણિક રેકોર્ડ અચોક્કસ, ગેરમાર્ગે દોરનાર, કે અન્યથા તમારા બાળકના ગુપ્તતા કે બીજા અધિકારોનું ઉલ્લંઘન કરતા નથી તે સુનિશ્ચિત કરવા, શૈક્ષણિક રેકોડમાં રહેલી માહિતીને પડકારવા સુનાવણી માટે માતા-પિતાને વિનંતી કર્યેથી એક તક આપવાની રહેશે. સુનાવણીના પરિણામ તરીકે, જાહેર સંસ્થા નક્કી કરે કે બાળકની માહિતી અચોક્કસ, ગેરમાર્ગે દોરનારી કે તેના ગુપ્તતા કે બીજા અધિકારોનો અન્યથા ઉલ્લંઘન કરનારી છે, તો જાહેર સંસ્થાએ તે પ્રમાણે માહિતીમાં સુધારો કરવાનો રહેશે અને લેખિતમાં માતા-પિતાને આમ કર્યાની જાણ કરવાની રહેશે. સુનાવણીના પરિણામ તરીકે, જાહેર સંસ્થા નિર્ણય લે કે માહિતી અચોક્કસ કે ગેરમાર્ગે દોરનારી નથી અથવા બાળકના ગુપ્તતા કે બીજા અધિકારોનું ઉલ્લંઘન કરતી નથી, તો તેણે માતા-પિતાને બાળક અંગે જાળવવામાં આવતા રેકોર્ડમાં, માહિતી અંગે ટિપ્પણી કરતી રજૂઆત અને જાહેર સંસ્થાના નિર્ણય સાથે અસંમત થવા અંગેનાં કોઈ કારણો દર્શાવતી રજૂઆત મૂકવાના તેમના હકની જાણ કરવાની રહેશે. તમારા બાળકના રેકોર્ડમાં મૂકવામાં આવેલ કોઈપણ ખુલાસા :

- જ્યાં સુધી રેકોર્ડ કે વાંધો ઉઠાવેલ ભાગ જાળવી રાખવામાં આવે ત્યાં સુધી જાહેર સંસ્થાએ બાળકના રેકોર્ડના ભાગ તરીકે તેની જાળવણી કરવી જોઇશે; અને
- બાળકના રેકોર્ડ કે વાંધો ઉઠાવેલ ભાગની નકલની માગણી કરનાર કોઈપણ પક્ષકારને ખુલાસો જાહેર કરવો જોઇશે.

**માહિતીનો નાશ કરવાની કાર્યપદ્ધતિઓ**

IDEA અન્વયે ભેગી કરેલ, જાળવેલ કે વાપરેલ વ્યકિતગત ઓળખપાત્ર માહિતી, તેમના બાળકને શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા માટે જરૂરી ન હોય ત્યારે જાહેર સંસ્થાએ માતા-પિતાને તેની જાણ કરવી જરૂરી હોય છે. માતા-પિતાની વિનંતીથી માહિતીનો નાશ કરવો જોઇશે. આમ છતાં, બાળકનું નામ, સરનામું, ફોન નંબર, બાળકના ગ્રેડ્સ, હાજરીનો રેકોર્ડ, હાજરી આપેલ વર્ગો, પૂરી કરેલ ગ્રેડનું સ્તર, અને પૂરા કરેલ વર્ષના કાયમી રેકોર્ડને સમય-મર્યાદા વિના રાખી શકાશે.

**બાળકોના અધિકારો**

FERPA માટેના વિનિયમો અન્વયે, બાળકના શૈક્ષણિક રેકોર્ડ અંગેના માતા-પિતાના અધિકારો, બાળકની અશકતતાને રાજ્યના કાયદા અન્વયે તેને/તેણીને અક્ષમ ઠરાવે તે સિવાય, બાળક 18 વર્ષની વયે પહોંચે એટલે તેને/તેણીને તબદીલ થાય છે. બાળક પુખ્ત વયે પહોંચે ત્યારે, IDEA ના ભાગ બી હેઠળ માતા-પિતાના અધિકારો તબદીલ થતા હોય, તો શૈક્ષણિક રેકોર્ડ અંગેના અધિકારો પણ બાળકને તબદીલ થવા જોઇશે. આમ છતાં, જાહેર સંસ્થાએ માતા-પિતા અને બાળકને IDEA અન્વયે જરૂરી કોઇ નોટિસ મોકલવી જોઇશે. વધુ ચોક્કસ માહિતી માટે 'પુખ્ત વયે માતા-પિતાના અધિકારોની તબદીલી' જોવા વિનંતી.

**શિસ્તવિષયક માહિતી**

જાહેર સંસ્થા બાળકના રેકોર્ડમાં, બાળક સામે લેવામાં આવ્યા હોય તેવા કોઈપણ ચાલુ કે પૂર્વ શિસ્તવિષયક પગલાનું નિવેદનનો સમાવેશ કરી શકે છે, અને તે અશકત ન હોય તેવા બાળકોના રેકોર્ડમાં જેટલા પ્રમાણમાં માહિતી સમાવિષ્ટ કરીને પ્રસારિત કરાય તેટલા પ્રમાણમાં શિસ્તવિષયક માહિતી પ્રસારિત કરવામાં આવી શકે છે. આ નિવેદનમાં શિસ્તવિષયક પગલાંની જરૂર પડે તવી બાળકે આચરેલી કોઈ વર્તણૂકનું વર્ણન, લેવામાં આવેલ શિસ્તવિષયક પગલાંનું વર્ણન, અને બાળકની સલામતી તથા બાળક સાથે સામેલ કોઈપણ વ્યકિતની સલામતી સાથે પ્રસ્તુત બીજી કોઈપણ માહિતી સમાવિષ્ટ કરી શકાશે. બાળકને એક શાળામાંથી બીજી શાળામાં બદલવામાં આવે, તો બાળકના કોઈપણ રેકોર્ડની રવાનગીમાં બાળકની ચાલુ IEP તથા બાળક સામે હાલમાં કે અગાઉ લેવાયેલા શિસ્તવિષયક પગલાંનું કોઈપણ નિવેદન એમ બંનેનો સમાવેશ કરવો જોઇશે.

## અશક્તતા ધરાવતા બાળકોની શિસ્ત

***જાહેર સંસ્થા તેમના બાળકો સામે અમુક શિસ્તવિષયક પગલાં લે, તો માતા-પિતાને ચોક્કસ કાર્યપદ્ધતિઓ અને રક્ષણો મેળવવાનો અધિકાર છે. વિદ્યાર્થીની આચાર-સંહિતના ઉલ્લંઘન(નો) બદલ બાળકને દૂર કરવામાં આવે ત્યારબાદ, શાળા વર્ષમાં 10 દિવસ કરતાં વધુ સમય બાળકને શૈક્ષણિક સેવાઓ આપવી જોઈશે.***

**વ્યાખ્યાઓ**

આ ભાગના હેતુઓ માટે, નીચેની વ્યાખ્યાઓ લાગુ પડે છે:

- નિયંત્રિત પદાર્થ એટલે નિયંત્રિત પદાર્થ અધિનિયમ (21 U.S.C. 812 (C) ની કલમ 202 (C) માં અનુસૂચિઓ I, II, III, IV કે V અન્વયે મુકરર કરાયેલ ઔષધો (નશીલા પદાર્થો) કે અન્ય પદાર્થો.
- ગેરકાયદેસર ઔષધ એટલે નિયંત્રિત પદાર્થ, પરંતુ તેમા લાઈસન્સ ધરાવતા આરોગ્ય સંભાળ વ્યવસાયીની દેખરેખ હેઠળ કાયદેસર કબજો હોય અથવા તેનો વપરાશ કરાયો હોય અથવા IDEA અન્વયે કોઈપણ માન્ય તંત્ર દ્વારા અથવા ફેડરલ કાયદાની બીજી કોઈપણ જોગવાઈ અન્વયે કાયદેસર કબજો હોય અથવા તેનો વપરાશ કરાયો હોય તેવા કોઈ પદાર્થનો સમાવેશ થતો નથી.
- હથિયાર એટલે યુનાઈટેડ સ્ટેટસની સંહિતા, શીર્ષક 18ની કલમ 930ની પ્રથમ પેટા કલમ (g)ના ફકરા (2) અન્વયે 'ખતરનાક હથિયાર' શબ્દને આપેલ અર્થ થાય છે.
- ગંભીર શારીરિક ઈજા એટલે શારીરિક ઈજા જેમાં મૃત્યુનું નોંધપાત્ર જોખમ, આત્યંતિક શારીરિક દર્દ, લાંબો સમય રહે તેવી અને દેખીતી કુરુપતા, અથવા શારીરિક અવયવ, અંગ કે માનસિક શકિતની કામગીરીમાં લાંબા સમયનો અભાવ અથવા ખામીનો સમાવેશ થાય છે. (18 U.S.C. 13645 (h) (3).

**શાળાના કર્મચારીઓની સત્તા**

શાળાના કર્મચારીઓ, આચારસંહિતાનો ઉલ્લંઘન કરનાર અશકતતા ધરાવનાર બાળકને, તમામ બાળકો માટે ઉપયોગમાં લીધેલ શિસ્તવિષયક નીતિ અનુસાર, દરેક ઉલ્લંઘન વખતે એકી સાથે 10 દિવસ કરતાં વધુ બાળકને દૂર ન કરી શકે. સિવાય કે એમ નક્કી કરાય કે દૂર કરવું એટલે ચાલુ શૈક્ષણિક જગ્યા પરથી :

- વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણમાં કરાયેલી બદલી;
- બીજી ગોઠવણમાં કરાયેલી બદલી; અથવા
- મોકૂફી.

આવી દૂર કરવાની બાબતમાં (એકી સાથે 10 દિવસ કે ઓછો સમય) શાળા વર્ષમાં 10 કરતાં વધુ દિવસ એકત્રિત થાય, ત્યારે બાળકની IEP ટીમ, તમારું બાળક સામાન્ય અભ્યાસક્રમમાં ભાગ લઈ શકે અને તેના/તેણીના IEP ધ્યેય તરફ જઇ શકે તે માટે જરૂરી સેવાઓનો વ્યાપ નક્કી કરે છે.

આચાર સંહિતાનો ભંગ કરનાર અશકતતા ધરાવનાર બાળક માટે જગ્યાની નિમણૂક બદલવી યોગ્ય છે કે કેમ તે નક્કી કરવામાં, શાળાના કર્મચારીઓ કેસવાર ધોરણે વીરલ સંજોગો વિચારણામાં લઈ શકે. જગ્યાની ફેરબદલીમાં, સળંગ 10 કરતાં વધુ દિવસો માટે દૂર કરવાનો અથવા પેટર્ન ઊભી કરતી શ્રેણીબદ્ધ દૂર કરવાની બાબતોનો સમાવેશ થાય છે. શિસ્તવિષયક પગલાને પરિણામે જગ્યાની ફેરબદલી કરાય ત્યારે, જાહેર સંસ્થા નિર્ણય લે તે જ દિવસે જાહેર સંસ્થા નોટિસ મોકલે છે અને તેમાં કાર્યપદ્ધતિ વિષયક સલામતી દસ્તાવેજનો સમાવેશ કરવો જોઈશે.

**<u>પ્રદર્શન નિર્ણય</u>**

આચાર સંહિતાના ઉલ્લંઘનને કારણે જગ્યાની ફેરબદલી કરવાના કોઈપણ નિર્ણય કર્યાના 10 શાળા દિવસોની અંદર, માતા-પિતા અને બાળકની IEP ટીમે, બાળકની ફાઈલની તમામ પ્રસ્તુત માહિતી, તેમજ તેનો/તેણીનો IEP, શિક્ષકના કોઈપણ અવલોકનો અને માતા-પિતાએ પૂરી પાડેલી કોઈપણ પ્રસ્તુત માહિતીની, સમીક્ષા કરવી જોઈશે, જેથી નક્કી કરી શકાય કે હકીકતમાં વર્તણૂકઃ

- બાળકની અશકતતાના કારણે થયેલી હતી અથવા બાળકની અશકતતા સાથે સીધો અને નોંધપાત્ર સંબંધ ધરાવતી હતી; અથવા
- બાળકના IEPનો અમલ કરવામાં જાહેર સંસ્થાની નિષ્ફળતાનું સીધું પરિણામ હતું.

IEP ટીમ નક્કી કરે કે ઉપરનું કોઈપણ વિધાન લાગુ પડે છે, તો વર્તણૂક બાળકની અશકતતાનું પ્રદર્શન હોવાનું નક્કી કરાશે.

જો વર્તણૂક બાળકની અશકતાનું પ્રદર્શન હતું, તો IEP ટીમેઃ

- જાહેર સંસ્થાએ અગાઉ કરેલ ન હોય, તો કાર્યલક્ષી વર્તણૂક મૂલ્યાંકન કરવું જોઈશે અને બાળક માટે વર્તણૂકલક્ષી દરમિયાનગીરી યોજનાનો અમલ કરવો જોઈશે;
- જો તેની/તેણીની પહેલેથી આવી કોઈ યોજના હોય તો, બાળકની વર્તણૂક દરમિયાનગીરી યોજનાની સમીક્ષા કરવાની રહેશે, અને વર્તણૂક અંગે પગલાં ભરવા માટે જરૂરી હોય તે રીતે તેમાં સુધારો કરવો જોઈશે; અને
- બાળકને નશીલા પદાર્થો, હથિયારો કે ગંભીર શારીરિક ઈજાઓ માટે ફેરબદલી કરીને વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક વ્યવસ્થામાં મૂકવામાં આવેલ હોય તે સિવાય, જાહેર સંસ્થા કે માતા-પિતા બાળકની વર્તણૂકલક્ષી સુધારણા માટેની મધ્યસ્થી યોજનાના ભાગ તરીકે જગ્યાની ફેરબદલી માટે સંમત થાય તે સિવાય, તેને/તેણીને જ્યાંથી દૂર કરવામાં આવેલ હોય તે જગ્યા પર બાળકને પરત મોકલવું જોઈશે.

વર્તણૂક એ બાળકની અશકતતાનું પ્રદર્શન ન હોય, તો શાળાના કર્મચારીઓ, યોગ્ય શૈક્ષણિક સેવાઓ  ચાલુ રાખવા સિવાય, બીજી બાળકોની જેમ જ આ બાળકને માટે શિસ્તવિષયક પગલાં લઈ શકે.

**<u>જગ્યાની ફેરબદલી</u>**

બાળકને 10 કરતાં વધુ દિવસો માટે દૂર કરવામાં આવે, જેને પરિણામે જગ્યામાં ફેરબદલી કરાય, ત્યારે તેની વર્તણૂક અશકતતાનું પ્રદર્શન હોય કે ન હોય, અથવા બાળકને ખસેડીને નશીલા પદાર્થો, હથિયારો કે ગંભીર શારીરિક ઈજા માટે વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક વ્યવસ્થા (IAES) માં મૂકવામાં આવે, ત્યારે બાળકને, બીજી વ્યવસ્થામાં ગોઠવણ કરાય તેમ છતાં સામાન્ય શિક્ષણના અભ્યાસક્રમમાં ભાગ લેવાનું અને તેના/તેણીના IEPમાં નિયત કરેલ ધ્યેયો તરફ આગળ વધવાનું તે/તેણી ચાલુ રાખી શકે તે માટે, સેવાઓ મળવાની ચાલુ રહે છે. બાળકના વર્તણૂકલક્ષી ઉલ્લંઘનના નિવારણ માટે તૈયાર કરાયેલ કાર્યલક્ષી વર્તણૂકલક્ષી મૂલ્યાંકન અને વર્તણૂક દરમિયાનગીરી સેવાઓ તથા તૈયાર કરાયેલા સુધારા, યોગ્ય હોય તે પ્રમાણે બાળકને મળવા જોઈશે, જેથી તે પાછા ન થાય. IEP ટીમ, યોગ્ય સેવાઓ અને તે સેવાઓ કયાં આપવી તેનું સ્થળ નક્કી કરે છે.

**<u>વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણ</u>**

વર્તણૂક એ બાળકની અશકતતાનું પ્રદર્શન હોવાનું નક્કી કરવામાં આવે કે કેમ તે લક્ષમાં લીધા વિના શાળાના કર્મચારીઓ બાળકને ખસેડીને 45 શાળા દિવસો સુધી વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણમાં મૂકી શકે, જે કિસ્સાઓમાં બાળક/બાળકેઃ

- શાળામાં કે શાળા ખાતે, શાળાના સ્થળે, અથવા રાજ્ય કે સ્થાનિક જાહેર સંસ્થાના અધિકારક્ષેત્ર હેઠળની શાળાની કામગીરી વખતે હથિયાર લઈ જાય અથવા તેનો કબજો ધરાવે;
- રાજ્ય કે સ્થાનિક જાહેર સંસ્થાના અધિકારક્ષેત્ર હેઠળની શાળા, શાળાની જગ્યા પર કે શાળાના કાર્ય-સ્થળ ખાતે જાણીને ગેરકાયદેસર ઔષધોનો કબજો ધરાવે કે ઉપયોગ કરે, અથવા નિયંત્રિત પદાર્થો વેચે કે વેચવાનું વિચારે; **<u>અથવા</u>**

- રાજ્ય કે સ્થાનિક જાહેર સંસ્થાના અધિકારક્ષેત્ર હેઠળની શાળા, શાળાની જગ્યા પર કે શાળાના કાર્ય-સ્થળ ખાતે હોય ત્યારે બીજી વ્યકિતને ગંભીર શારીરિક ઈજા પહોંચાડી હોય.

**<u>શિસ્તવિષયક પગલાંની અપીલ</u>**

માતા-પિતા પ્રદર્શન નિર્ણય કે શિસ્તવિષયક કારણોસર પ્લેસમેન્ટ અંગેના કોઈપણ નિર્ણય અંગે અસંમત થાય, તો માતા-પિતા, વહીવટી સુનાવણી કચેરી (OAH) અને જાહેર સંસ્થા ખાતે યોગ્ય પ્રક્રિયાથી ફરિયાદ દાખલ કરી શકે. જાહેર સંસ્થા માને કે બાળકની હાલની પ્લેસમેન્ટ જાળવી રાખવાથી બાળક કે બીજાઓને ઈજા પહોંચવાની શકયતા છે, તો જાહેર સંસ્થા વહીવટી સુનાવણી કચેરી અને માતા-પિતા પાસે યોગ્ય પ્રક્રિયાથી ફરિયાદ દાખલ કરી શકે.

વહીવટી કાનૂની જજ (AIJ), આ દસ્તાવેજનો "અસંમતિઓનું નિરાકરણ" એ વિભાગમાં વર્ણવેલ  કાર્યપદ્ધતિ અનુસરીને યોગ્ય પ્રક્રિયા સુનાવણી હાથ ધરે છે. યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કર્યાની તારીખથી 20 શાળા દિવસોની અંદર સુનાવણી થશે અને સુનાવણી પછી 10 શાળા દિવસોની અંદર નિર્ણયનું પરિણામ આવશે.

શિસ્તવિષયક અપીલ અંગે નિર્ણય કરવામાં, વહીવટી કાનૂની જજ :

- તેને/તેણીને જ્યાંથી ખસેડવામાં આવ્યો હોય તે જગ્યાએ બાળકને પરત મોકલી શકે; અથવા
- જો એમ નક્કી કરે કે બાળકની હાલની પ્લેસમેન્ટ જાળવી રાખવાના પરિણામે બાળક કે બીજાઓને ઈજા થવાની નોંધપાત્ર શકયતા છે તો વધુમાં વધુ 45 દિવસ માટે બાળકની પ્લેસમેન્ટમાં ફેરફાર કરીને યોગ્ય વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણમાં મૂકવાનો આદેશ કરી શકે.

જ્યારે માતા-પિતા કે જાહેર સંસ્થા દ્વારા યોગ્ય પ્રક્રિયા ફરિયાદની વિનંતી કરવામાં આવે, ત્યારે વહીવટી કાનૂની જજનો નિર્ણય આવે અથવા આપવામાં આવેલ સમયની મુદત પૂરી ન થાય ત્યાં સુધી (વધુમાં વધુ 45 શાળા દિવસો), બેમાંથી જે પ્રથમ આવે તે પ્રમાણે બાળક વચગાળાની વૈકલ્પિક શૈક્ષણિક ગોઠવણમાં રહે છે, સિવાય કે માતા-પિતા અને જાહેર સંસ્થા અન્યથા સહમત થાય.

**હજુ પાત્ર હોવાનું નક્કી ન કરાયેલ બાળક**

જે બાળકોને ખાસ શિક્ષણ માટે પાત્ર ન હોવાનું નક્કી કરવામાં આવ્યા હોય અને જે કોઈ નિયમ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરતી વર્તણૂક આચરે તેવાં બાળકો અંગે, જો જાહેર સંસ્થાને જાણ હોય કે વર્તણૂક થઈ તે પહેલાં બાળકમાં અશકતતા હતી, તો તેવા બાળકો પૂરાં પાડેલ કોઈપણ રક્ષણોનો આગ્રહ કરી શકે છે. જેના પરિણામે શિસ્તવિષયક પગલાં લેવામાં આવે તેવી વર્તણૂક અગાઉ થઈ હોવાની જાહેર સંસ્થાને જાણ હોવાનું ગણવામાં આવે છે જો:

- માતા-પિતાએ લેખિતમાં જાહેર સંસ્થાના દેખરેખ કે વહીવટી કર્મચારીઓને, કે બાળકના શિક્ષકને ચિંતા વ્યકત કરી હોય કે તેમના બાળકને ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર છે;
- માતા-પિતાએ મૂલ્યાંકનની વિનંતી કરી હોય; અથવા
- બાળકના શિક્ષકએ કે અન્ય શાળા કર્મચારીએ, ખાસ શિક્ષણના નિયામક કે જાહેર સંસ્થાના અન્ય દેખરેખ કર્મચારીઓને સીધેસીધા બાળક દ્વારા પ્રદર્શિત વર્તણૂકના ઢાંચા અંગે ખાસ ચિંતા વ્યકત કરી હોય;

જાહેર સંસ્થાને જાણકારી ન હોવાનું ગણવામાં આવે છે, જો:

- માતા-પિતાએ, જાહેર સંસ્થાને તેમના બાળકનું મૂલ્યાંકન કરવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હોય;
- માતા-પિતાએ, જાહેર સંસ્થાને ખાસ શિક્ષણ સેવા પૂરી પાડવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હોય; અથવા
- બાળકનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય અને એમ નક્કી કરાયું હોય કે તે/તેણી IDEA હેઠળ અશકતતા ધરાવતું બાળક ન હતું.

જાહેર સંસ્થાને શિસ્તવિષયક પગલાં લેતાં પહેલાં બાળકની અશકતતા હોવાની જાણ ન હોય, તો બાળક તુલનાત્મક વર્તણૂક કરનાર અશકતતા વિનાના બાળક જેવા જ શિસ્તવિષયક પગલાંને આધીન હોઈ શકે છે.

જો માતા-પિતા, તેમનું બાળક શિસ્તવિષયક પગલાંને આધીન હોય તે સમય-માળખા દરમિયાન મૂલ્યાંકન માટે વિનંતી કરે, તો મૂલ્યાંકન ઝડપથી કરવું જોઈશે. પરિણામો બાકી હોય, ત્યારે બાળક શાળાના અધિકારીઓ દ્વારા નક્કી કરાયેલ શૈક્ષણિક જગ્યામાં રહે છે. જાહેર સંસ્થાના મૂલ્યાંકન અને માતા-પિતા દ્વારા પૂરી પાડેલ માહિતીના આધારે, બાળક અશકતતા ધરાવતું બાળક હોવાનું નક્કી થાય, તો જાહેર સંસ્થાએ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડવાની રહે છે, અને અશક્તતા ધરાવતા બાળકોના શિસ્તને લગતી તમામ કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ લાગુ પાડે છે.

**કાનૂન અમલીકરણ અને ન્યાયવિષયક સત્તાતંત્રોને સંદર્ભ અને તેમના દ્વારા પગલાં**

IDEA, જાહેર સંસ્થાઓને યોગ્ય સત્તાધિકારીઓ, અને કાનૂની અમલ-બજવણી સમક્ષ ગુનાની જાણ કરવા મનાઈ કરતું નથી. ન્યાયવિષયક તંત્રો, અશકતતા ધરાવનાર બાળક દ્વારા આચરવામાં આવેલ ગુનાઓ અંગે ફેડરલ અને રાજ્યના કાયદા લાગુ પાડવાની તેમની જવાબદારીઓ અમલમાં મૂકી શકશે. ગુનાની જાણ કરતી કોઈપણ સંસ્થાએ, COMAR 13A.08.02 દ્વારા માન્ય હોય તેટલા પ્રમાણમાં માતા-પિતાની સંમતિ સાથે વિદ્યાર્થીનું રેકોર્ડ, અથવા નીતિમાં નિર્દિષ્ટ માતા-પિતાની સંમતિ અંગેના અપવાદો અનુસાર યોગ્ય સત્તાધિકારીઓને બાળકના ખાસ શિક્ષણ અને શિસ્તવિષયક રેકોર્ડની નકલો મોકલવાની રહેશે.

**જાહેર ખર્ચે ખાનગી શાળાઓમાં માતા-પિતા દ્વારા એકતરફી પ્લેસમેન્ટ**

***IDEA, જાહેર સંસ્થાએ મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) ઉપલબ્ધ કર્યું હોય અને માતા-પિતા તેમના બાળકને ખાનગી શાળામાં મૂકવાનું પસંદ કરે, તો ખાનગી શાળા ખાતેના અશકતતા ધરાવતાં બાળકના ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ સહિત, શિક્ષણના ખર્ચ માટે જાહેર સંસ્થા ચુકવણી કરે એ જરૂરી ગણતું નથી.***

IDEA, જાહેર સંસ્થાએ મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) ઉપલબ્ધ કર્યું હોય અને માતા-પિતા તેમના બાળકને ખાનગી શાળામાં મૂકવાનું પસંદ કરે, તો ખાનગી શાળા ખાતેના અશકતતા ધરાવતાં બાળકના ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ સહિત, શિક્ષણના ખર્ચ માટે જાહેર સંસ્થા ચુકવણી કરે એ જરૂરી ગણતું નથી. આમ છતાં, ફેડરલ વિનિયમો અનુસાર, જાહેર સંસ્થા, માતા-પિતાએ ખાનગી શાળાઓમાં મૂકેલ બાળકોની વસતિમાં બાળકને સમાવિષ્ટ કરશે. FAPEની પ્રાપ્યતા અને નાણાકીય જવાબદારી અંગે માતા-પિતા અને જાહેર સંસ્થા વચ્ચેની અસંમતિઓ, IDEA અન્વયે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ કાર્યપદ્ધતિઓને આધીન હોય છે. વધુ ચોક્કસ માહિતી માટે 'અસંમતિઓનું નિવારણ' જોવા વિનંતી.

અશકતતા ધરાવનાર બાળકે જાહેર સંસ્થાની અધિકૃતિ હેઠળ ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ અગાઉ મેળવી હોય, અને માતા-પિતાએ જાહેર સંસ્થાની સંમતિ કે તેને સંદર્ભ મોકલ્યા વિના ખાનગી પૂર્વશાળા, પ્રારંભિક કે માધ્યમિક શાળામાં પોતાનું બાળક દાખલ કર્યું હોય, તો વહીવટી કાનૂની જજ કે કોર્ટને જણાય કે, પ્રવેશ પહેલાં સમયસર ધોરણે બાળકને FAPE ઉપલબ્ધ કરેલ ન હતું અને ખાનગી પ્રવેશ યોગ્ય છે તો વહીવટી કાનૂની જજ કે કોર્ટ જાહેર સંસ્થાને તે પ્રવેશ-નોંધણી માટેનો ખર્ચ માતા-પિતાને ભરપાઈ કરવા જણાવી શકે. જાહેર સંસ્થા દ્વારા પૂરા પડાતા શિક્ષણને લાગુ પડતા રાજ્યનાં ધોરણો પરિપૂર્ણ ન થતાં હોય તો પણ વહીવટી કાનૂની જજ કે કોર્ટને તમારા માતા-પિતાએ કરેલ પ્લેસમેન્ટને યોગ્ય હોવાનું જણાઈ શકે.

**ભરપાઈની મર્યાદા**

વહીવટી કાનૂની જજ કે કોર્ટ દ્વારા ભરપાઈમાં ઘટાડો કરી શકે કે તેનો ઈન્કાર કરી શકે, જો:

- જાહેર શાળામાંથી પોતાના બાળકને દૂર કરે તે પહેલાં હાજરી આપેલ IEP ટીમની બેઠકમાં, માતા-પિતાએ, IEP ટીમને જાણ ન કરી હોય કે જાહેર ખર્ચે ખાનગી શાળામાં તેમના બાળકને દાખલ કરવા અંગેની તેમની ચિંતા અને તેમનો ઈરાદો દર્શાવવા સહિત, FAPE આપવા, જાહેર સંસ્થા દ્વારા દરખાસ્ત કરાયેલ પ્લેસમેન્ટનો તેઓને ઈન્કર કર્યો હતો; અથવા

- જાહેર શાળામાંથી તેમના બાળકને દૂર કરે તે પહેલાં (રજાના દિવસે આવતા કોઈપણ કામકાજના દિવસો સહિત) ઓછામાં ઓછા દસ (10) કામકાજના દિવસોમાં, માતા-પિતાએ તેમના બાળકનીજાહેર શાળામાં પ્લેસમેન્ટ અંગેની તેમની ચિંતા સહિત, તેમના બાળકને ખસેડી લેવાના તેમના ઈરાદા અંગે જાહેર સંસ્થાને લેખિત નોટિસ ન આપી હોય; અથવા
- માતા-પિતા તેમના બાળકને જાહેર શાળામાંથી દૂર કરે તે પહેલાં, જાહેર સંસ્થા પૂર્વ લેખિત નોટિસ દ્વારા માતા-પિતાને તેમના બાળકનું મૂલ્યાંકન કરવાના તેમના ઈરાદાની જરૂરિયાત હોવાની જાણ કરે, (મૂલ્યાંકનનો હેતુ કે જે યોગ્ય અને વાજબી હોય તે અંગેના નિવેદન સહિત), પરંતુ માતા-પિતા તેમના બાળકને મૂલ્યાંકન માટે ન મોકલે; અથવા
- માતા-પિતાનાં પગલાં અંગે ગેરવાજબીપણું હોવાનું ન્યાયતંત્રનું તારણ હોય તો તેના આધારે.

ઉપર દર્શાવેલા નોટિસની જરૂરિયાત હોવા છતાં, ભરપાઈનો ખર્ચ:
- આવી નોટિસ આપવાની માતા-પિતાની નિષ્ફળતા માટે ઘટાડી ન શકાય કે તેનો ઈન્કાર ન કરી શકાય, જો:
  - o જાહેર સંસ્થાએ નોટિસ આપવા અંગે માતા-પિતાને અટકાવ્યા હોય,
  - o ઉપર દર્શાવેલ IDEA નોટિસની જરૂરિયાતો અન્વયે, માતા-પિતાને લેખિત નોટીસ ન મળી હોય,
  - o નોટિસની જરૂરિયાતનું પાલન થતાં બાળકને શારીરિક ઈજા પહોંચવાની શકયતા હોય, અને
- કોર્ટ કે કાનૂની વહીવટી જજનાં વિવેકાધિકાર પ્રમાણે, આવી નોટિસ આપવામાં નિષ્ફળ જવા માટે તેમાં ઘટાડો ન કરી શકાય કે ઈન્કાર ન કરી શકાય, જો:
  - o માતા-પિતા સાક્ષર ન હોય અને અંગ્રેજીમાં લખી ન શકતા હોય, અથવા
  - o ઉપર વર્ણન કર્યા પ્રમાણે નોટિસના પાલનના પરિણામે બાળકને ગંભીર ભાવનાત્મક ઠેસ પહોંચે.

## પુખ્ત વયે માતા-પિતાના અધિકારોની તબદીલી

***મર્યાદિત સંજોગો સિવાય, પુખ્ત વયે પહોંચેલા અશકતતા ધરાવતાં બાળકોને મેરિલેન્ડમાં માતા-પિતાના અધિકારો તબદીલ થતા નથી.***

મેરિલેન્ડના કાયદા અન્વયે, અમુક મર્યાદિત સંજોગોમાં, IDEA હેઠળ માતા-પિતાને આપેલા અધિકારો અશકતતા ધરાવરા બાળકને તબદીલ થશે. બાળકને રાજ્યના કાયદા હેઠળ સક્ષમ ન હોવાનો ન્યાય-નિર્ણય ન કરાયો હોય **અને** તેના અંગે નીચે મુજબ દસ્તાવેજીકરણ ન કરાયું હોય, તો 18 વર્ષની વયે બાળક પહોંચે ત્યારે બાળકને આ અધિકારો તબદીલ થાય છે :
- માતા-પિતા ઉપલબ્ધ ન હોય કે અજાણ્યાં હોય, અને બાળક વિનંતી કરે કે સરોગેટ માતા-પિતાની નિમણૂક કરવાને બદલે માતા-પિતાના અધિકારો તેને તબદીલ કરવામાં આવે;
- આગલા વર્ષે માતા-પિતાને સામેલ કરવાના જાહેર સંસ્થાના વારંવારના પ્રયત્નો પછી બાળક માટે ખાસ શિક્ષણ અંગે નિર્ણય લેવાની પ્રક્રિયામાં માતા-પિતાએ ભાગ લીધો ન હોય;
- માતા-પિતાએ ખાસ શિક્ષણ અંગે નિર્ણય લેવાની પ્રક્રિયામાં હકારાત્મક રીતે ભાગ લેવાનો ઈન્કાર કર્યો હોય;
- માતા-પિતામાંથી એકને અથવા બંનેને લાંબો સમય હોસ્પિટલમાં, ઇન્સ્ટિટ્યુશનમાં રખાયા હોવાથી, અથવા ગંભીર માંદગી કે અશકતતાને કારણે માતા-પિતા ખાસ શિક્ષણ અંગેની નિર્ણય પ્રક્રિયામાં ભાગ ન લઈ શકે અને માતા-પિતાએ બાળકને અધિકારો તબદીલ કરવા સંમતિ આપી હોય;
- માતા-પિતા તેમના કાબૂ બહારના અસાધારણ સંજોગોને કારણે ખાસ શિક્ષણ નિણય પ્રક્રિયામાં ભાગ ન લઈ શકે, અને માતા-પિતાએ બાળકને અધિકારો તબદીલ કરવા સંમતિ આપી હોય, **અથવા**
- બાળક માતા-પિતાના ઘરની બહાર રહેતું હોય અને અન્ય જાહેર સંસ્થાની સંભાળ કે કબજા હેઠળ ન હોય.

બાળક જેની સાથે રહેતું હોય તે અશકતતા ધરાવતા બાળકનાં માતા-પિતા જો, બાળકને તેની 18 વર્ષની વયે અધિકારો તબદીલ કરવાની સંમતિ ન આપે, અને બાળકને રાજ્યના કાયદા હેઠળ સક્ષમ ન હોવાનો ન્યાય-નિર્ણય કરવામાં ન આવ્યો હોય, તો કોઇ પણ પક્ષકાર, અધિકારો તબદીલ કરવા જોઇએ કે કેમ તે નક્કી કરવા, યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરી શકે છે.

ફેડરલ અને રાજ્યના કાયદા અને વિનિયમો અનુસાર અશકતતા ધરાવનાર બાળકનું પ્રતિનિધિત્વ સરોગેટ માતા-પિતા દ્વારા કરવામાં આવતું હોય, તો જાહેર સંસ્થા, ફેડરલ અને રાજ્યના કાયદા અને વિનિયમો અન્વયે બાળક અને સરોગેટ માતા-પિતા બંનેને જરૂરી લેખિત નોટિસ આપશે. બાળકને રાજ્યના કાયદા અન્વયે સક્ષમ ન હોવાનો ન્યાય-નિર્ણય કરવામાં ન આવ્યો હોય **અને** બાળક અધિકારો તબદીલ કરવા વિનંતી કરે, તો IDEA અન્વયે સરોગેટ માતા-પિતાને અપાયેલા બીજા બધા અધિકારો બાળકને તબદીલ થશે.

## અસંમતિઓનું નિવારણ

***નીચેની કાર્યપદ્ધતિઓમાં બાળકના ખાસ શૈક્ષણિક કાર્યક્રમ અને સંબંધિત સેવાઓ અંગે અસંમતિઓનું નિરાકરણ કરવા માટે માતા-પિતા અને જાહેર સંસ્થાઓને મળવાપાત્ર પ્રક્રિયાઓનું વર્ણન કર્યું છે. આ વિકલ્પોમાં મધ્યસ્થી, રાજ્ય ફરિયાદ અને યોગ્ય પ્રક્રિયા ફરિયાદનો સમાવેશ થાય છે.***

**મધ્યસ્થી**
મધ્યસ્થી એવી પ્રક્રિયા છે, જેનો ઉપયોગ અશકતતા ધરાવતા બાળકના માતા-પિતા અને બાળકના શિક્ષણ માટે જવાબદાર જાહેર સંસ્થા વચ્ચેની અસંમતિઓનું નિરાકરણ કરવા માટે કરી શકાય.

અસરકારક મધ્યસ્થી ટેકનિકમાં લાયક અને તાલીમબદ્ધ હોય તેવા વહીવટી સુનાવણી કચેરી (OAH)ના કર્મચારી મધ્યસ્થી હાથ ધરે છે. વહીવટી સુનાવણી કચેરી દ્વારા પસંદ કરાયેલ વ્યકિતને વ્યકિતગત કે વ્યાવસાયિક હિતનો સંઘર્ષ હશે નહીં.

- મધ્યસ્થી માટે પ્રોત્સાહન આપવા માતા-પિતા સાથેની મિટિંગ્સના ખર્ચ સહિત, માતા-પિતા કે બાળકના શિક્ષણ માટે જવાબદાર જાહેર સંસ્થાને મધ્યસ્થી માટે કોઈ ખર્ચ થતું નથી.
- મધ્યસ્થી માટે વિનંતી, બાળકના શિક્ષણ માટે જવાબદાર જાહેર સંસ્થા અને વહીવટી સુનાવણી કચેરીને કરાય છે. મધ્યસ્થી માટે વિનંતી દાખલ કરવા અંગે માતા-પિતાને મદદ કરવા જાહેર સંસ્થામાંથી અથવા MSDEની વેબસાઈટ http://www.marylandpublicschools.org પર ફોર્મ ઉપલબ્ધ હોય છે. વધુ સહાય માટે, જાહેર સંસ્થાની ખાસ શિક્ષણ કચેરી કે MSDE ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસનો (410) 767-7770 પર સંપર્ક કરવો.
- મધ્યસ્થી દરમિયાન સલાહકાર માતા-પિતા કે જાહેર સંસ્થાને સાથે રાખીને સલાહ આપી શકે.
- સામાન્ય રીતે લેખિત વિનંતી મળ્યાના 20 દિવસની અંદર માતા-પિતા અને જાહેર સંસ્થાને અનુકૂળ સ્થળે મધ્યસ્થી સત્ર યોજાશે.
- મધ્યસ્થી સત્રો બંધ બારણે થતી કાર્યવાહીઓ છે. મધ્યસ્થી દરમિયાન થતી ચર્ચાઓ ખાનગી રાખવી જોઈશે અને તેનો પાછળની કોઈપણ યોગ્ય પ્રક્રિયા સુનાવણી કે દીવાની કાર્યવાહીમાં પુરાવા તરીકે ઉપયોગ કરી શકાશે નહીં. મધ્યસ્થી શરૂ કરતાં પહેલાં માતા-પિતા કે જાહેર સંસ્થાને ગુપ્તતાના સોગંદ પર સહી કરવા જણાવાઈ શકે.
- મધ્યસ્થીમાં પક્ષકારોએ સાધેલી સમજૂતિની રજૂઆત લેખિત સમજૂતિમાં થવી જોઈશે, જે આ પ્રકારની કેસ સુનાવણી સત્તા ધરાવતી રાજ્યની કોઈપણ કોર્ટ અથવા ફેડરલ જિલ્લા કોર્ટમાં અમલપાત્ર બને છે.
- માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદની સુનાવણીના અધિકારનો ઈન્કાર કરવા કે તેને વિલંબમાં મૂકવા જાહેર સંસ્થા મધ્યસ્થીનો ઉપયોગ કરી શકશે નહીં.

**મધ્યસ્થીને પ્રોત્સાહન આપવા મિટિંગ**

જાહેર સંસ્થા, મધ્યસ્થી પ્રક્રિયાનો ઉપયોગ ન કરવાનું પસંદ કરનાર માતા-પિતાને મધ્યસ્થી પ્રક્રિયાના લાભો સમજાવવા અને આ પ્રક્રિયાનો ઉપયોગ કરવા માતા-પિતાને પ્રોત્સાહન આપવા માતા-પિતાના અનુકૂળ સમય અને સ્થળે મળવા માટે માતા-પિતાને પ્રસ્તાવ આપી શકે.

**રાજ્ય ફરિયાદ અને યોગ્ય પ્રક્રિયા ફરિયાદ વચ્ચેનો તફાવત**

***મધ્યસ્થી ઉપરાંત, માતા-પિતાને જાહેર સંસ્થા સાથેની અસંમતિઓનું નિરાકરણ કરવા રાજ્ય ફરિયાદ પ્રક્રિયા અથવા યોગ્ય પ્રક્રિયા ફરિયાદનો ઉપયોગ કરવાનો અધિકાર છે. આ વિકલ્પોના અલગ નિયમો અને કાર્યપદ્ધતિઓ છે.***

IDEA વિનિયમોમાં રાજ્ય ફરિયાદો માટે અને યોગ્ય પ્રક્રિયા ફરિયાદ માટે અલગ કાયપદ્ધતિઓ છે. નીચે વર્ણવ્યા પ્રમાણે, કોઈપણ વ્યકિત કે સંસ્થા, જાહેર સંસ્થા દ્વારા કોઈપણ IDEAની આવશ્યકતાનો ભંગ કર્યાનો આક્ષેપ કરતી રાજ્ય ફરિયાદ દાખલ કરી શકશે. અશકતતા ધરાવતા બાળકની ઓળખ, મૂલ્યાંકન કે શૈક્ષણિક પ્લેસમેન્ટને લગતી, અથવા બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) આપવાની કોઈપણ બાબત અંગે માત્ર માતા-પિતા અથવા જાહેર સંસ્થા યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરી શકે છે.

સામાન્ય રીતે MSDE ના કર્મચારીઓએ, સમયરેખા યોગ્ય રીતે લબાવી હોય તે સિવાય, 60 કેલેન્ડર દિવસની સમયરેખામાં ફરિયાદનું નિરાકરણ કરવું જોઈશે. વહીવટી કાનૂની જજે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ (નિવારણની મિટિંગ મારફત કે મધ્યસ્થી મારફત નિરાકરણ ન કર્યું હોય તો) સાંભળવી જોઈશે અને વહીવટી કાનૂની જજે માતા-પિતાની વિનંતી કે જાહેર સંસ્થાની વિનંતીથી સમયરેખામાં ખાસ વધારો કરવાની મંજૂરી આપી હોય તે સિવાય, નિર્ણય-મુદતની સમાપ્તિ પછી 45 કેલેન્ડર દિવસોની અંદર લેખિત નિર્ણય આપવો જોઈશે.

આ વિકલ્પોના વિહંગાવલોકન અને સરખામણી માટે, આ દસ્તાવેજ સાથેનું જોડાણ જોવું.

**રાજ્ય ફરિયાદ**

***વ્યકિતઓ અને સંસ્થાઓને મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનમાં રાજ્ય ફરિયાદ દાખલ કરવાનો અધિકાર છે. રાજ્ય સંશોધન હાથ ધરી શકે તે માટે, લેખિત ફરિયાદે IDEA વિનિયમોમાં માગ્યા પ્રમાણે ખાસ માપદંડો પરિપૂર્ણ કરવા જોઈશે.***

વ્યકિત કે સંસ્થા એમ માને કે જાહેર સંસ્થાએ ખાસ શિક્ષણ જરૂરિયાતને લગતા ફેડરલ કે રાજ્યના કાયદા કે વિનિયમો ભંગ કર્યો છે, અથવા જાહેર સંસ્થાએ યોગ્ય પ્રક્રિયા સુનાવણી નિર્ણય અમલમાં મૂકયો નથી, તો રાજ્ય ફરિયાદ દાખલ કરી શકાય. ફરિયાદ MSDE પાસે દાખલ કરવી જોઈશે અને તે Assistant State Superintendent, Division of Special Education/Early Intervention Services, MSDE, 200 West Baltimore Street, Baltimore, Maryland 21201ને ઉદ્દેશીને કરવી જોઈએ. MSDEમાં રાજ્ય ફરિયાદ દાખલ કરનાર વ્યકિત કે સંસ્થાએ ફરિયાદની નકલ તે જ સમયે જાહેર સંસ્થાને પણ મોકલવી જોઈશે. ફરિયાદ દાખલ કરવામાં સહાય કરવા, વિગતવાર કાર્યપદ્ધતિઓ આ ફોર્મ પરની MSDE વેબસાઈટ http://www.marylandpublicschools.org પરથી કે પ્રભાગની ફરિયાદ સંશોધન અને યોગ્ય શાખા પ્રક્રિયાને 410-767-7770 પર કોલ કરીને મેળવી શકાય છે.

રાજ્યની ફરિયાદમાં નીચેનાનો સમાવેશ કરવો જોઈશે :

- જાહેર સંસ્થાએ ફેડરલ કે રાજ્યના કાયદા કે વિનિયમોનો ભંગ કર્યો હોવાનું નિવેદન;
- નિવેદન જેને આધારે કરાયું હોય તે હકીકતો;
- રાજ્ય ફરિયાદ દાખલ કરનાર વ્યકિત/સંસ્થાની સહી અને સંપર્ક માહિતી; અને
- ખાસ બાળકના સંબંધમાં ઉલ્લંઘનનો આક્ષેપ કરતી રાજ્ય ફરિયાદ હોય તોઃ

- o બાળકનું નામ અને રહેઠાણનું સરનામું;
- o બાળક જતો હોય તે શાળાનું નામ;
- o ઘરવિહોણા બાળક કે યુવકના કેસમાં, બાળક માટે ઉપલબ્ધ સંપર્ક માહિતી, અને બાળક જતો હોય તે શાળાનું નામ;
- o સમસ્યાને લગતી હકીકતો સહિત, બાળકની સમસ્યાના સ્વરૂપનું વર્ણન;
- o રાજ્ય ફરિયાદ દાખલ કરાય તે સમયે પક્ષકારને જાણ હોય અને ઉપલબ્ધ હોય તેટલા પ્રમાણમાં સમસ્યા અંગે પ્રસતાવિત નિરાકરણ.

રાજ્ય ફરિયાદમાં, રાજ્યને ફરિયાદ મળે તેના પૂર્વે વધુમાં વધુ એક વર્ષથી ઉલ્લંઘન કર્યું હોવાનો આક્ષેપ હોવો જોઈશે. MSDE એ રાજ્ય ફરિયાદ મળ્યાના 60 કેલેન્ડર દિવસોની અંદર તેનાં તારણો મોકલવાં, અને 60 દિવસની સમયરેખા લંબાવી શકાય, જો:

- ચોક્કસ ફરિયાદ અંગે અપવાદરૂપ સંજોગો ઊભા થાય; અથવા
- સામેલ માતા-પિતા અને જાહેર સંસ્થા સ્વૈચ્છિક રીતે મધ્યસ્થી કે વિવાદ નિવારણના વૈકલ્પિક સાધનોને અજમાવવા સમય લંબાવવા સંમત થાય.

MSDE ઓછામાં ઓછું નીચે પ્રમાણે કરશે:

- એમ કરવું જરૂરી હોવાનું નક્કી કરવામાં આવે, તો સ્થળ પર સ્વતંત્ર સંશોધન હાથ ધરવું;
- રાજ્ય ફરિયાદમાં કરેલા આક્ષેપો અંગે, ક્યાં તો મૌખિક કે લેખિતમાં વધુ માહિતી રજૂ કરવા ફરિયાદીને તક આપવી;
- તમામ સંબંધિત માહિતીની સમીક્ષા કરવી અને જાહેર સંસ્થાએ ફેડરલ અને રાજ્ય કાયદાનો ભંગ કર્યો છે કે કેમ તેનો સ્વતંત્રપણે નિર્ણય કરવો; અને
- ફરિયાદના દરેક આક્ષેપનો ઉલ્લેખ કરતો અને હકીકત તથા નિષ્કર્ષનાં તારણો સમાવિષ્ટ કરતાં, લેખિત નિર્ણય ફરિયાદી અને જાહેર સંસ્થાને મોકલવો.

નિર્ણયમાં, જરૂરી હોય તો આખરી નિર્ણયના અસરકારક અમલ માટે આખરી નિર્ણય અને કાર્યપદ્ધતિઓ અંગેના કારણો, તેમજ તેનું પાલન કરવા ટેકનિકલ સહાય પ્રવૃત્તિઓ, વાટાઘાટો અને સુધારાત્મક પગલાંનો સમાવેશ કરાશે. MSDE નક્કી કરે કે જાહેર સંસ્થા યોગ્ય સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે, તો આખરી લેખિત નિર્ણયમાં, જાહેર સંસ્થાએ બાળકની જરૂરિયાતો માટે યોગ્ય હોય તેવી સેવાઓ, અને અશકતતા ધરાવનાર તમામ બાળકો માટે યોગ્ય ભાવિ સેવાઓના ઈન્કાર માટે ઉપાયાત્મક પગલાં કેવી રીતે લેવા તેનો ઉલ્લેખ કરાશે.

**રાજ્ય ફરિયાદનું નિવારણ**

અસંમતિનો ઉકેલ લાવવા મધ્યસ્થી અને બીજી ઓછી ઔપચારિક પદ્ધતિઓ ઉપલબ્ધ હોઇ શકે અને તેને પ્રોત્સાહન અપાય છે. પક્ષકારો ફરિયાદનું નિવારણ લાવે, તો MSDE એ ફેડરલ વિનિયમો હેઠળ સંશોધન હાથ ધરવાની જરૂર નથી.

**યોગ્ય પ્રક્રિયા સુનાવણીનો વિષય હોય તેવી રાજ્ય ફરિયાદનું નિવારણ**

MSDE ને રાજ્ય ફરિયાદ મળે, જે યોગ્ય પ્રક્રિયા સુનાવણીનો પણ ભાગ હોય, અથવા રાજ્ય ફરિયાદમાં વિવિધ પ્રશ્નો સમાવિષ્ટ હોય જેમાંથી એક કે વધુ પ્રશ્નો સુનાવણીનો ભાગ હોય, તો યોગ્ય પ્રક્રિયા સુનાવણીનો નિષ્કર્ષ ન આવે ત્યાં સુધી યોગ્ય પ્રક્રિયા સુનાવણીમાં ઉકત હાથ ધરાઈ રહેલ રાજ્ય ફરિયાદના કોઈપણ ભાગને MSDE એ બાજુ પર રાખવો જોઈશે. આમ છતાં, રાજ્ય ફરિયાદનો કોઈપણ પ્રશ્ન યોગ્ય પ્રક્રિયા સુનાવણીનો ભાગ ન હોય તો ઉપર દર્શાવેલી સમયરેખા અને કાર્યપદ્ધતિનો ઉપયોગ કરીને તેનું નિરાકરણ લાવવું જોઈશે. રાજ્ય ફરિયાદમાં ઊભો થયેલ પ્રશ્ન, અગાઉ સમાન પક્ષકારોને સામેલ કરતી યોગ્ય પ્રક્રિયા સુનાવણીમાં નક્કી કરવામાં આવ્યો હોય, તો સુનાવણી નિર્ણય બંધનકર્તા બને છે, અને MSDE એ તે અંગે ફરિયાદીને જાણ કરવાની રહેશે.

**યોગ્ય પ્રક્રિયા ફરિયાદ**

***માતા-પિતા કે જાહેર સંસ્થા, ઓળખ, મૂલ્યાંકન કે શૈક્ષણિક પ્લેસમેન્ટને લગતી, અથવા બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE)ની જોગવાઈને લગતી કોઈપણ બાબત અંગે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરી શકશે.***

માતા-પિતા કે જાહેર સંસ્થાને, યોગ્ય પ્રક્રિયા ફરિયાદનો આધાર બનેલ કહેવાતા કૃત્ય અંગેની જાણ થઈ અથવા જાણ થવી જોઈતી હતી તેના વધુમાં વધુ 2 વર્ષમાં જે ઉલ્લંઘન થયું હોય તે અંગે યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં આક્ષેપ હોવો જોઈશે.

જાહેર સંસ્થાએ ખાસ કરીને એવી ગેરરજૂઆત કરવાના કારણે કે યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં મુકરર પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું, અથવા જાહેર સંસ્થાએ IDEA અન્વયે માતા-પિતાને પૂરી પાડવી જરૂરી માહિતી રોકી રાખી હોવાના કારણે જો માતા-પિતા સમયરેખાની અંદર યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ ન કરી શકે તો, આ સમયરેખા લાગુ પડતી નથી.

યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવા, માતા-પિતા કે જાહેર સંસ્થાએ (અથવા માતા-પિતાના એટર્ની કે જાહેર સંસ્થાના એટર્ની) બીજા પક્ષકાર સમક્ષ અને વહીવટી સુનાવણી કચેરીમાં યોગ્ય પ્રક્રિયા ફરિયાદ રજૂ કરવી જોઈશે. ફરિયાદમાં નીચે યાદી આપેલ તમામ વિષય-વસ્તુ સમાવિષ્ટ હોવી જોઈશે અને તે ખાનગી રાખવી જોઈશે.

યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવા અંગે માતા-પિતાને મદદ કરવા, મધ્યસ્થી અને યોગ્ય પ્રક્રિયા ફરિયાદની વિનંતી અંગેનું ફોર્મ, બાળક જે શાળામાં જતું હોય ત્યાંની જાહેર સંસ્થામાંથી અને MSDEની http://www.marylandpublicschools.org વેબસાઈટ પરથી મળે છે. વધુ સહાય માટે,

જાહેર સંસ્થાની ખાસ શિક્ષણ કચેરી અથવા MSDE ડિવિઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઈન્ટરવેન્શન સર્વિસિસનો (410) 767-7770 પર સંપર્ક કરવો.

**યોગ્ય પ્રક્રિયા ફરિયાદની વિષય-વસ્તુ**

યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈશે :

- બાળકનું નામ;
- બાળકના રહેઠાણનું સરનામું (અથવા, ઘરવિહોણા બાળક માટે ઉપલબ્ધ સંપર્ક માહિતી);
- બાળક જતું હોય તે શાળાનું નામ;
- બાળકના શિક્ષણ માટે જવાબદાર જાહેર સંસ્થાનું નામ (ઉદાહરણ તરીકે, સ્થાનિક શાળા પદ્ધતિ);
- સમસ્યાને લગતી હકીકતો સહિત, પ્રસ્તાવિત કે નકારેલી શરૂઆત કે બદલીને લગતી બાળકની સમસ્યાનું વર્ણન; અને
- ફરિયાદ દાખલ કરાય તે સમયે પક્ષકારને જાણ હોય અને ઉપલબ્ધ હોય તેટલા પ્રમાણમાં સમસ્યા અંગે પ્રસ્તાવિત નિરાકરણ.

માતા-પિતા કે જાહેર સંસ્થા (અથવા માતા-પિતાના એટર્ની કે જાહેર સંસ્થાના એટર્ની) આ માહિતી સમાવિષ્ટ કરતી યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ ન કરે ત્યાં સુધી માતા-પિતા કે જાહેર સંસ્થાને યોગ્ય પ્રક્રિયા સુનાવણી મળશે નહીં.

**યોગ્ય પ્રક્રિયા ફરિયાદનો જવાબ**

પક્ષકાર યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરે, ત્યારે બાળકના શિક્ષણ માટે જવાબદાર જાહેર સંસ્થા નીચેની બાબતો કરશે:

- મફત કે ઓછા ખર્ચવાળી ઉપલબ્ધ કાનૂની અને બીજી પ્રસ્તુત સેવાઓની માતા-પિતાને જાણ કરશે;
- માતા-પિતાને કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓના દસ્તાવેજીની નકલ પૂરી પાડશે; અને
- મધ્યસ્થીની ઉપલબ્ધતા અંગે માતા-પિતાને જાણ કરશે.

જાહેર સંસ્થાએ, યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં માતા-પિતાએ ઉઠાવેલ પ્રશ્નો અંગે માતા-પિતાને પૂર્વ લેખિત નોટિસ ન મોકલી હોય, તો જાહેર સંસ્થાએ યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના 10 દિવસની અંદર માતા-પિતાને જવાબ મોકલવો જોઈશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે :

- જાહેર સંસ્થા પગલું (પગલાં) લેવાનો પ્રસ્તાવ કે ઈન્કાર શા માટે કરે છે તેનો ખુલાસો;
- જાહેર સંસ્થાએ વિચારેલ બીજા કોઈ વિકલ્પો તથા શા માટે તે વિકલ્પોનો અસ્વીકાર કરાયો તેનાં કારણોનું વર્ણન;
- આ ભાગની કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ અન્વયે અશક્તતા ધરાવતું બાળક રક્ષણો ધરાવે છે તેવું તેના માતા-પિતાનું નિવેદન, અને જો આ નોટિસ મૂલ્યાંકન માટે પ્રારંભિક સંદર્ભ ન હોય, તો કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ અંગેની નકલ કયાં સાધનોથી મેળવી શકાય તેનું નિવેદન; અને
- IDEAની જોગવાઈઓ સમજવામાં મદદ મેળવવા માતા-પિતાએ જેમના સંપર્ક કરવાનો હોય તે પ્રાપ્તિસ્થાનો.

આ જવાબ, માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદ અપૂરતી હતી, એમ યોગ્ય ત્યાં કહેતાં જાહેર સંસ્થાને રોકશે નહીં.

યોગ્ય પ્રક્રિયા ફરિયાદના (માતા-પિતા કે જાહેર સંસ્થા) બીજા પક્ષકારોએ, યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના 10 કેલેન્ડર દિવસમાં યોગ્ય પ્રક્રિયા ફરિયાદના પ્રશ્નોનો ખાસ ઉલ્લેખ કરવામાં આવેલ જવાબ બીજા પક્ષકારને મોકલવો જોઈશે.

**નોટિસની પર્યાપ્તતા**

યોગ્ય પ્રક્રિયા ફરિયાદ પર્યાપ્ત હોવાનું વિચારાય છે, સિવાય કે, ફરિયાદ મેળવનાર પક્ષકાર વહીવટી સુનાવણી કચેરીને તથા બીજા પક્ષકારને ફરિયાદ મળ્યાના 15 દિવસની અંદર લેખિતમાં જાણ કરે, કે મેળવનાર પક્ષકાર એમ માને છે કે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ, વિષય-વસ્તુની જરૂરિયાતોને પરિપૂર્ણ કરતી નથી. ખામી હોવાની નોટિસ મળ્યાના પાંચ (5) દિવસની અંદર વહીવટી સુનાવણી કચેરી નક્કી કરશે કે, યોગ્ય પ્રક્રિયા ફરિયાદ વિષય-વસ્તુની જરૂરિયાતોને સંતોષે છે કે કેમ અને તત્કાલ લેખિતમાં પક્ષકારોને તેની જાણ કરશે.

બીજો પક્ષકાર લેખિતમાં સંમતિ આપે અને તેને નીચે દર્શાવ્યા પ્રમાણે નિરાકરણ માટેની મિટિંગ મારફત પ્રશ્નોનો નિવારણ લાવવાની તક આપી હોય, અથવા યોગ્ય પ્રક્રિયા સુનાવણી કરવાના વધુમાં વધુ પાંચ (5) દિવસ અગાઉ વહીવટી સુનાવણી કચેરીએ પરવાનગી આપી હોય તો જ પક્ષકાર તેની યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં સુધારણા કરી શકે છે. નિરાકરણ માટેની મિટિંગ અને યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની સમયરેખા ફરીથી સુધારેલ યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવા સાથે શરૂ થાય છે.

**કાર્યવાહી દરમિયાન બાળકની સ્થિતિ**

કોઈપણ વહીવટી કે ન્યાયિક કાર્યવાહી બાકી હોય તે દરમિયાન (શિસ્તવિષયક વિભાગ હેઠળ જોગવાઈ કરી હોય તે સિવાય), માતા-પિતા અને જાહેર સંસ્થા અન્યથા સંમત થાય તે સિવાય, બાળક તેની/તેણીની હાલની શૈક્ષણિક જગ્યા પર રહેશે. કાર્યવાહીમાં જાહેર શાળામાં પ્રારંભિક પ્રવેશ માટેની પ્રારંભિક અરજી સામેલ હોય, તો બાળકને માતા-પિતાની સંમતિથી, તમામ કાર્યવાહીઓ પૂરી ન થાય ત્યાં સુધી જાહેર કાર્યક્રમ હેઠળ મૂકવું જોઈશે.

વહીવટી કાનૂની જજનો નિર્ણય માતા-પિતા સાથે સમજૂતિ સાધે કે પ્લેસમેન્ટની જગ્યામાં ફેરફાર યોગ્ય છે, તો પછીની અપીલોનો નિર્ણયબાકી હોય તે દરમિયાન તે પ્લેસમેન્ટ બાળકની ચાલુ પ્લેસમેન્ટ બને છે.

**નિવારણની પ્રક્રિયા**

માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના 15 કેલેન્ડર દિવસોમાં, અને યોગ્ય પ્રક્રિયા સુનાવણી શરૂ થતા પહેલાં, જાહેર સંસ્થાએ માતા-પિતા તથા માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં મુકરર કરાયેલ હકીકતોની ખાસ જાણકારી ધરાવતી વ્યકિતગત શૈક્ષણિક કાર્યક્રમ ટીમ (IEP)ના પ્રસ્તુત સભ્ય કે સભ્યોની સાથે મિટિંગ યોજવી જોઇશે. મિટિંગમાં:

- જાહેર સંસ્થા વતી નિર્ણય લેવાની સત્તા ધરાવતી જાહેર સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવો જોઈશે; **અને**
- માતા-પિતા એટર્ની લઈને આવે તે સિવાય જાહેર સંસ્થાનું પ્રતિનિધિત્વ કરતા એટર્નીનો સમાવેશ કરાશે નહીં.

માતા-પિતા અને જાહેર સંસ્થા, મિટિંગમાં હાજર રહેવા IEP ટીમના પ્રસ્તુત સભ્યો નક્કી કરે છે.

મિટિંગનો હેતુ માતા-પિતા સાથે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ, અને ફરિયાદનો આધાર બનતી હકીકતોની ચર્ચા કરવાનો છે, જેથી જાહેર સંસ્થાને વિવાદનું નિવારણ કરવાની તક મળે.

નિરાકરણ માટેની મિટિંગ જરૂરી નથી, જો:

- માતા-પિતા અને જાહેર સંસ્થા બેઠક ન યોજવા અંગે લેખિતમાં સંમત થાય;
- માતા-પિતા અને જાહેર સંસ્થા મધ્યસ્થીનો પ્રયત્ન કરવા તૈયાર થાય; અથવા
- જાહેર સંસ્થા યોગ્ય પ્રક્રિયા ફરિયાદ શરૂ કરે.

જાહેર સંસ્થા, ફરિયાદ મળ્યાના 30 કેલેન્ડર દિવસ(નિરાકરણ મુદ્દત)ની અંદર માતા-પિતાને સંતોષકારક રીતે યોગ્ય પ્રક્રિયા ફરિયાદનું નિરાકરણ ન કરે, તો યોગ્ય પ્રક્રિયા સુનાવણી થઈ શકે છે.

આખરી નિર્ણય આપવાની 45 દિવસની સમયરેખા, નિર્ણય કરવાની મુદ્દતના 30 કેલેન્ડર દિવસના અંતે શરૂ થાય છે, સિવાય કે, '30 કેલેન્ડર દિવસની નિરાકરણ મુદ્દતમાં સમાયોજન' અથવા 'ત્વરિત સમયરેખા' વિભાગમાં વર્ણન કરેલ નીચેના સંજોગો પૈકી એક લાગુ પડતો હોય.

**30 કેલેન્ડર દિવસની નિવારણ મુદ્દતમાં સમાયોજન**

માતા-પિતા અને જાહેર સંસ્થાએ નિરાકરણ પ્રક્રિયા મુદ્દત લંબાવવા, નિરાકરણ પ્રક્રિયા જતી કરવા, અથવા મધ્યસ્થીનો ઉપયોગ કરવા સહમતિ સાધી હોય તે સિવાય, નિરાકરણ માટેની મિટિંગમાં ભાગ લેવાની માતા-પિતાની નિષ્ફળતાથી, મિટિંગ ન યોજાય ત્યાં સુધી નિરાકરણ પ્રક્રિયા અને યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની સમયરેખામાં વિલંબ થશે.

વાજબી પ્રયત્નો કર્યા પછી અને આવા પ્રયત્નોનું દસ્તાવેજીકરણ કર્યા પછી, જાહેર સંસ્થા, નિરાકરણ માતેની મિટિંગમાં માતા-પિતાનો સહયોગ ન મેળવી શકે, તો જાહેર સંસ્થા, નિરાકરણ મુદ્દતના 30 કેલેન્ડર દિવસ સમાપ્ત થતાં, વહીવટી કાનૂની જજને યોગ્ય પ્રક્રિયા ફરિયાદ રદ કરવા વિનંતી કરી શકશે. જાહેર સંસ્થાના પ્રયત્નોના દસ્તાવેજીકરણમાં અરસ-પરસ નક્કી કરેલ સમય અને સ્થળની ગોઠવણ કર્યાના પ્રયત્નાના રેકોર્ડનો સમાવેશ થવો જોઇશે, જેવા કે:

- કરેલા કે પ્રયત્ન કરેલ ટેલિફોન કોલ્સ અને તે કોલ્સનાં પરિણામોનો વિગતવાર રેકોર્ડ;
- માતા-પિતાને મોકલેલ પત્ર-વ્યવહારની નકલો અને મળેલ કોઈપણ જવાબો; અને
- માતા-પિતાના ઘર કે નોકરીની જગ્યાએ લીધેલી મૂલાકાતોનો અને તે મૂલાકાતોનાં પરિણામોનો વિગતવાર રેકોર્ડ.

માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદની નોટિસ મળ્યાના 15 કેલેન્ડર દિવસની અંદર જો જાહેર સંસ્થા નિરાકરણ માટેની મિટિંગ યોજે નહીં **અથવા** નિરાકરણ માટેની મિટિંગમાં ભાગ ન લે, તો માતા-પિતા સુનાવણી શરૂ કરવાની અને 45 કેલેન્ડર દિવસની અંદર નિર્ણય આપવાની વિનંતી કરી શકે.

માતા-પિતા અને જાહેર સંસ્થા નિરાકરણ માટેની મિટિંગ જતી કરવા લેખિતમાં સંમતિ આપે, તો યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની 45 કેલેન્ડર દિવસની સમયરેખા બીજા દિવસથી શરૂ થાય છે.

મધ્યસ્થી કે નિરાકરણ માટેની મિટિંગ શરૂ થયા પછી અને 30 કેલેન્ડર દિવસની નિરાકરણ મુદ્દતની સમાપ્તિ પહેલાં, માતા-પિતા અને જાહેર સંસ્થા લેખિતમાં સહમત થાય કે સમજૂતિ શકય નથી, તો યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની 45 કેલેન્ડર દિવસની સમયરેખા બીજા દિવસથી શરૂ થાય છે.

30 કેલેન્ડર દિવસની નિરાકરણ મુદ્દત પૂરી થતાં, માતા-પિતા અને જાહેર સંસ્થા મધ્યસ્થીનો પ્રયત્ન કરવા સહમત થાય, તો બંને પક્ષકારો, સમજૂતિ ન સધાય ત્યાં સુધી મધ્યસ્થી પ્રક્રિયા ચાલુ રાખવા લેખિતમાં સહમત થઈ શકે. આમ છતાં, ક્યાં તો માતા-પિતા કે જાહેર સંસ્થા, મધ્યસ્થી પ્રક્રિયામાંથી છૂટા થાય, તો યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની 45 કેલેન્ડર દિવસની સમયરેખા બીજા દિવસથી શરૂ થાય છે.

**નિવારણ પતાવટ સમજૂતિ**

નિરાકરણ માટેની મિટિંગમાં જો વિવાદનું નિરાકરણ સધાય, તો માતા-પિતા અને જાહેર સંસ્થાએ એક કાયદેસર બંધનકર્તા સમજૂતિ કરવી જોઈશે :

- જેની ઉપર માતા-પિતા તથા જાહેર સંસ્થાને સમજૂતીના અમલની ફરજ પાડવાની સત્તા ધરાવતા જાહેર સંસ્થાના પ્રતિનિધિએ સમજૂતિમાં સહી હોય; **અને**
- જે સક્ષમ અધિકારક્ષેત્રની રાજ્યની કોર્ટ (રાજ્યની કોર્ટ જેને આ પ્રકારના કેસ સાંભળવાની સત્તા હોય) અથવા ફેડરલ જિલ્લા કોર્ટમાં અમલપાત્ર હોય.

નિરાકરણ માટેની મિટિંગના પરિણામસ્વરૂપ માતા-પિતા અને જાહેર સંસ્થા સમજૂતિ કરે, તો બેમાંથી એક પક્ષકાર ત્રણ (3) કામકાજના દિવસની અંદર સમજૂતિ રદબાતલ કરી શકે.

**યોગ્ય પ્રક્રિયા સુનાવણી**

યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરે ત્યારે વિવાદમાં સામેલ માતા-પિતા કે જાહેર સંસ્થાને નિષ્પક્ષ યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની તક પ્રાપ્ત થાય છે.

વહીવટી કાનૂની જજ (ALJ):

- વહીવટી સુનાવણી કચેરીના કર્મચારી છે;
- ને કોઈ વ્યકિતગત કે વ્યાવસાયિક હિત નહીં હોય, કે જે સુનાવણીની તેમની નિરપેક્ષતા સાથે સંઘર્ષમાં આવે;
- જ્ઞાન ધરાવતા હોય છે અને IDEAની જોગવાઈઓ, તથા IDEAને લગતા ફેડરલ અને રાજ્યના વિનિયમો તથા IDEAના કાનૂની અર્થઘટનો સમજે છે; અને
- તે સુનાવણી યોજવાની, અને યોગ્ય, ધોરણસરની કાનૂની પ્રેકટિસ સાથે સુસંગત નિર્ણયો કરવા અને લખવાની જાણકારી અને ક્ષમતા ધરાવે છે.

**યોગ્ય પ્રક્રિયા ફરિયાદની વિષય-વસ્તુ**

જે પક્ષકાર (માતા-પિતા કે જાહેર સંસ્થા) યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરે તે, બીજો પક્ષકાર સંમત થાય તે સિવાય, યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં ઉલ્લેખ ન કરાયેલ મુદ્દાઓ યોગ્ય પ્રક્રિયા સુનાવણીમાં ન ઉઠાવી શકે.

**સુનાવણી અધિકારો**

કોઈપણ યોગ્ય પ્રક્રિયા સુનાવણીના કોઇ પણ એક પક્ષકારને (IDEA શિસ્તવિષયક કાર્યપદ્ધતિઓ અંગેની સુનાવણી સહિત) નીચે મુજબનો અધિકાર રહે છે:

- રાજ્ય સરકાર નિયમ §9-1607.1, એનોટેટેડ કોડ ઓફ મેરિલેન્ડ અન્વયે યોગ્ય પ્રક્રિયા સુનાવણીઓ વખતે પોતાનું પ્રતિનિધિત્વ કરો અથવા વકિલ દ્વારા પોતાનું પ્રતિનિધિત્વ કરાવો;
- કાયદાશાસ્ત્રી અને અશકતતા ધરાવતા બાળકોની સમસ્યા અંગે ખાસ જાણકારી કે તાલીમ ધરાવતી વ્યકિતઓ સાથે રાખવી અને તેમની સલાહ લેવી;
- પૂરાવો રજૂ કરવો તથા સાક્ષીઓનો સામનો કરવો, ઊલટ-તપાસ કરવી અને તેમની હાજરી જરૂરી માનવી;
- સુનાવણીના ઓછામાં ઓછા 5 કામકાજના દિવસ પહેલાં તે પક્ષકારને જાહેર ન કરાયેલ કોઈ પુરાવો સુનાવણી વખતે દાખલ કરવાનો પ્રતિબંધ કરવો;
- સુનાવણીનો લેખિત, અથવા, માતા-પિતાના વિકલ્પ પ્રમાણે ઈલેકટ્રોનિક, શબ્દે શબ્દનો રેકોર્ડ મેળવવો; અને
- હકીકતનાં તારણો અને નિર્ણયો લેખિતમાં, અથવા, માતા-પિતાના વિકલ્પ પ્રમાણે ઈલેકટ્રોનિકમાં મેળવવાં.

**માહિતીની અતિરિક્ત જાહેરાત**

યોગ્ય પ્રક્રિયા સુનાવણીના ઓછામાં ઓછા પાંચ(5) કામકાજના દિવસો પહેલાં, માતા-પિતા અને જાહેર સંસ્થાએ તે તારીખ સુધીમાં પૂરાં કરાયેલ તમામ મૂલ્યાંકનો તથા તે મૂલ્યાંકનો પર આધારિત ભલામણો, જેનો સુનાવણી વખતે માતા-પિતા કે જાહેર સંસ્થા ઉપયોગ કરવા માગે તે એકબીજાને જાહેર કરવાં જોઇશે.

વહીવટી કાનૂની જજ, બીજા પક્ષકારની સંમતિ વિના, સુનાવણી વખતે પ્રસ્તુત મૂલ્યાંકન કે ભલામણો દાખલ કરવાની આ જરૂરિયાતોનું પાલન કરતા કોઈપણ પક્ષકારને અટકાવી શકશે.

**માતા-પિતાના અધિકારો**

માતા-પિતાને નીચેના અધિકારો છે:

- બાળકને હાજર રાખવાનો;
- લોકો માટે સુનાવણી ખુલ્લી રાખવી; અને
- તમને સુનાવણીનો રેકોર્ડ, હકીકતનાં તારણો અને નિર્ણયો વિના ખર્ચે પૂરાં પાડવાં.

**સુનાવણીનો નિર્ણય**

બાળકને મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) મળે છે કે કેમ તે અંગે વહીવટી કાનૂની જજના નિર્ણયનો આધાર નોંધપાત્ર કારણો પર આધારિત હોવો જોઈશે. કાર્યપદ્ધતિ વિષયક ઉલ્લંઘનનો આક્ષેપ કરતી બાબતોમાં, વહીવટી કાનૂની જજને જણાય કે કાર્યપદ્ધતિ વિષયક અપર્યાપ્તતાએ :

- બાળકના FAPEના અધિકારમાં દાખલ કરી હોય;
- બાળકને FAPEની જોગવાઈ કરવા સંબંધમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગ લેવાની માતા-પિતાની તકમાં દખલ કરી હોય;

- શૈક્ષણિક લાભથી બાળકને વંચિત કર્યું હોય

ઉપર દર્શાવેલી કોઈપણ જોગવાઈઓનું અર્થઘટન, વહીવટી કાનૂની જજને, IDEAનો ભાગ બી અન્વયે (300.500 થી 34 CFR 300.536 સુધીના) ફેડરલ વિનિયમોના કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓના વિભાગની જરૂરિયાતોનું પાલન કરવા જાહેર સંસ્થાને આદેશ આપતા અટકાવી શકાશે એવું થતું નથી.

<u>અલગ યોગ્ય પ્રક્રિયા ફરિયાદ</u>

IDEA ની કાર્યપદ્ધતિ વિષયક સલામતીઓ પૈકી કશું પણ માતા-પિતાને, દાખલ કરાયેલ યોગ્ય પ્રક્રિયા ફરિયાદથી અલગ પ્રશ્ન પર અલગ ફરિયાદ પ્રક્રિયા દાખલ કરતા અટકાવશે નહીં.

<u>સુનાવણીની સમયરેખા અને અનુકૂળતા</u>

નિરાકરણ માટેની બેઠકો માટે 30 કેલેન્ડર દિવસની મુદત પૂરી થયા પછી ૪૫ કેલેન્ડર દિવસો કરતાં વધુ નહીં, અથવા <u>"30 કેલેન્ડર દિવસ નિવારણ મુદતમાં સમાયોજન"</u> અથવા <u>'ત્વરિત સમયરેખા'</u> અન્વયે વર્ણન કર્યા પ્રમાણે સમાયોજિત સમય મુદત પૂરી થયા પછી 45 કેલેન્ડર દિવસો કરતાં વધુ નહીં :

- સુનાવણીમાં આખરી નિર્ણય પર પહોંચવામાં આવે છે; અને
- નિર્ણયની નકલ દરેક પક્ષકારોને મોકલાય છે.

વહીવટી કાનૂની જજ કોઇપણ એક પક્ષકારની વિનંતીથી 45 કેલેન્ડર દિવસની મુદત ખાસ લંબાવવા માટે મંજૂરી આપી શકે.

દરેક સુનાવણી, માતા-પિતા અને બાળકને વાજબીપણે અનુકૂળ સમયે અને સ્થળે કરવી જોઇશે.

<u>ત્વરિત સમયરેખા</u>

અશકતતા ધરાવતા બાળક વતી નીચેની બાબતો અંગે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરાય ત્યારે યોગ્ય પ્રક્રિયા સુનાવણી ત્વરિત કરવાની ગોઠવણ માટે જાહેર સંસ્થા જવાબદાર હોય છે :

- હાલમાં પ્રવેશ-નોંધણી ન કરી હોય અને શાળામાં ન જતો હોય તેવા અશક્તતા ધરાવતું બાળક;
- અશકતતા ધરાવતા બાળકની વચગાળાની વૈકલ્પિક શિક્ષણ ગોઠવણમાં નિમણૂક; અથવા
- નિર્ણય પ્રદર્શન કરવો.

ફરિયાદ દાખલ કરાય તે તારીખથી 20 શાળા દિવસની અંદર યોગ્ય પ્રક્રિયા સુનાવણી થવી જોઈશે. વહીવટી કાનૂની જજે સુનાવણી પછી 10 શાળા દિવસોની અંદર નિર્ણય કરવો જોઈશે. યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના સાત (7) કેલેન્ડર દિવસોની અંદર નિરાકરણ માટેની બેઠક થવી જોઈશે અને યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના ૧૫ કેલેન્ડર દિવસોની અંદર બંને પક્ષકારોને સંતોષ થાય તે રીતે બાબત હલ કરવામાં આવી હોય તે સિવાય, યોગ્ય પ્રક્રિયા સુનાવણી આગળ વધશે.

<u>આખરી સુનાવણી નિર્ણય</u>

ક્યાં તો માતા-પિતા કે જાહેર સંસ્થા અપીલ કરે તે સિવાય વહીવટી કાનૂની જજનો નિર્ણય આખરી હોય છે. તારણો અને નિર્ણયોથી દુભાયેલ કોઈપણ પક્ષકારને, યોગ્ય પ્રક્રિયા સુનાવણીમાં રજૂ કરાયેલી ફરિયાદ સંબંધમાં દીવાની કાર્યવાહી કરવાનો અધિકાર છે.

<u>અપીલ</u>

તારણો અને નિર્ણય સાથે સંમત ન હોય તેવા સુનાવણીના કોઈપણ પક્ષકારને વહીવટી કાનૂની જજના નિર્ણયની તારીખથી 120 દિવસની અંદર, વિવાદ વાલી રકમને ધ્યાનમાં લીધા સિવાય, સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી રાજ્યની કોઈપણ કોર્ટમાં અથવા યુનાઈટેડ સ્ટેટસની જિલ્લા કોર્ટમાં દીવાની પગલું લઈને અપીલ કરવાનો અધિકાર છે.

કોઈપણ દીવાની પગલામાં, કોર્ટ:

- વહીવટી કાર્યવાહીઓનું રેકોર્ડ મેળવશે;
- માતા-પિતાની વિનંતીથી અથવા જાહેર સંસ્થાની વિનંતીથી વધારાનો પુરાવો સાંભળશે; અને
- પુરાવાના પ્રભાવને આધારે તેમનો નિર્ણય આધારિત રહેશે; અને
- કોર્ટને યોગ્ય લાગે તેમ રાહત આપશે.

IDEA ના ભાગ બી નું કશુંપણ, યુ.એસ. સંવિધાન, અશકતતા ધરાવતા અમેરિકનો અંગેનો અધિનિયમ, 1990, 1973ના પુનર્સ્થાપન અધિનિયમનું શીર્ષક V (કલમ 504), અથવા અશકતતા ધરાવતા બાળકોના હકોનું રક્ષણ કરતા અન્ય ફેડરલ કાયદા અન્વયે ઉપલબ્ધ અધિકારો, કાયપદ્ધતિઓ, અને ઉપાયોને નિયંત્રિત કે મર્યાદિત કરતું નથી. આ કાયદા અન્વયે દીવાની કાર્યવાહી દાખલ કરતાં પહેલાં, માતા-પિતા કે જાહેર સંસ્થાએ વહીવટી સુનાવણી કચેરી પાસે યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની કાયપદ્ધતિનો સંપૂર્ણતયા ઉપયોગ કર્યો હોવો જોઈશે. આનો અર્થ એ કે IDEA હેઠળ ઉપલબ્ધ ઉપાયો હેઠળ બેવડાય તેવા બીજા કાયદા અન્વયે માતા-પિતાને ઉપાયો ઉપલબ્ધ થઈ શકશે, પરંતુ સામાન્ય રીતે તેવા બીજા

કાયદા અન્વયે રાહત મેળવવા, માતા-પિતાએ કોર્ટમાં જતાં પહેલાં IDEA હેઠળ ઉપલબ્ધ વહીવટી ઉપાયોનો પથમ ઉપયોગ કરવો જોઈશે (એટલે કે યોગ્ય પ્રક્રિયા સુનાવણી, નિરાકરણ માટેની બેઠક અને નિષ્પક્ષ યોગ્ય પ્રક્રિયા સુનાવણી કાયપદ્ધતિઓ).

## એટર્નીની ફી

IDEA હેઠળ કોઈપણ પગલાં કે કાર્યવાહીઓમાં, કોર્ટ એટર્નીની વાજબી ફી અંગે નીચેનાને ચુકાદો આપશે :

- અશકતતા ધરાવતા બાળકના માતા-પિતા કે વાલીને, જે પ્રર્વતમાન પક્ષકાર હોય;
- જે MSDE હોય તે પ્રવર્તમાન પક્ષકારને અથવા ફરિયાદ દાખલ કરનાર અથવા પછીની કાર્યવાહીનું કારણ વ્યર્થ, ગેરવાજબી કે પાયા વિનાનું હોય તેવા માતા-પિતાના એટર્ની સામે, અથવા દાવાકામ વ્યર્થ, ગેરયાજબી કે પાયા વિનાનું સ્પષ્ટ થયા પછી દાવો કરવાનું ચાલુ રાખનાર માતા-પિતા એટર્ની સામે બીજી કોઈપણ જાહેર સંસ્થાને; અથવા
- જે MSDE હોય તે પ્રવર્તમાન પક્ષકારને અથવા માતા-પિતાની ફરિયાદ કે પછીની કાર્યવાહીનું કારણ હેરાનગતિ કરવા, બિનજરૂરી વિલંબ કરવા, કે દાવાનો ખર્ચ બિનજરૂરી વધારવા જેવા કોઈપણ અયોગ્ય હેતુ માટે હોય, તો માતા-પિતાના એટર્ની સામે, કે માતા-પિતા સામે કોઈપણ બીજી જાહેર સંસ્થાને.

જે સમાજમાં કાર્યવાહી કરાતી હોય તેમાં બજાવેલી સેવાના પ્રકાર અને ગુણવત્તા માટે પ્રવર્તમાન દરોને આધારે ફી આપવી જોઈશે. આપેલી ફીની ગણતરી કરવા કોઈ બોનસ કે ગુણકનો ઉપયોગ થઇ શકશે નહીં.

નીચેના સંજોગો અન્વયે ફી આપી શકાશે નહીં:

- યોગ્ય પ્રક્રિયા સુનાવણી કે ન્યાયિક કાર્યવાહીને પરિણામે બોલાવવામાં આવી હોય તે સિવાયની કોઈપણ IEP ટીમની મિટિંગ માટે;
- યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરતાં પૂર્વે હાથ ધરાયેલ મધ્યસ્થી માટે;
- નિરાકરણ માટેની મિટિંગ્સ માટે; અને
- માતા-પિતાને લેખિત પતાવટ પ્રસ્તાવ આપ્યા પછીની સેવાઓ માટે, જો :
    - o દિવાની કાર્યપદ્ધતિના ફેડરલ નિયમોનો નિયમ 68 અન્વયે, અથવા કાર્યવાહી શરૂ થયાના દશ દિવસ કરતાં વધુ દિવસ પહેલાં, વહીવટી કાર્યવાહી અન્વયે સમયરેખાની અંદર ઓફર કરાઈ હોય;
    - o દશ દિવસની અંદર ઓફર ન સ્વીકારાય; અને
    - o કોર્ટને લાગે કે સુનાવણીમાં માતા-પિતાને મળેલી રાહત પતાવટની ઓફર કરતાં તેમને વધુ અનુકૂળ નથી. પતાવટ ઓફરનો ઈન્કાર કરવા અંગે માતા-પિતા વાસ્તવિક રીતે વાજબી હોય તો ફી અને ખર્ચ આપી શકાશે.

નીચેના સંજોગોમાં ફીમાં ઘટાડો કરી શકાશે :

- માતા-પિતા કે માતા-પિતાના એટર્ની બિનજરૂરી વિવાદનું નિરાકરણ લંબાવ્યા કરે;
- વાજબી તુલનાત્મક કૌશલ્ય, પ્રતિષ્ઠા અને અનુભવ ધરાવતા એટર્ની સમાન સેવાઓ માટે સમાજમાં પ્રવર્તમાન કલાકના દરો કરતાં ફીની રકમ ગેરવાજબીપણે વધારે;
- કાર્યવાહીનું સ્વરૂપ વિચારતાં, સમય અને સેવાઓ અતિશય હોય; અથવા
- એટર્નીએ યોગ્ય પ્રક્રિયા સુનાવણીની વિનંતીની નોટિસ દાખલ કરવા યોગ્ય માહિતી પૂરી ન પાડી હોય.

ફીમાં ઘટાડો કરાશે નહીં, જો :

- જાહેર સંસ્થાએ નિરાકરણ લંબાવ્યું હોય; અથવા
- કાર્યપદ્ધતિ વિષયક સલામતી જરૂરિયાતોનું ઉલ્લંઘન થયું હોય.

એટર્નીની ફી વસૂલ કરવાનો માતા-પિતાનો અધિકાર, IDEAમાં નિયત અમુક શરતો સંતોષવા પર આધાર રાખતી હોવાને કારણે, માતા-પિતાએ આ બાબતની તેમના એટર્ની સાથે ચર્ચા કરવી જોઇએ.

જોડાણ

**IDEA વિવાદ નિરાકરણ પ્રક્રિયા તુલનાત્મક ચાર્ટ**

| | મધ્યસ્થી | યોગ્ય પ્રક્રિયા ફરિયાદ | નિરાકરણ પ્રક્રિયા | રાજ્ય ફરિયાદ |
|---|---|---|---|---|
| કોણ પ્રક્રિયા શરૂ કરી શકે? | માતા-પિતા કે જાહેર સંસ્થા, પરંતુ બંને માટે તે સ્વૈચ્છિક | માતા-પિતા કે જાહેર સંસ્થા | પક્ષકારો મધ્યસ્થી જતી કરવા કે ઉપયોગ કરવા સંમત થાય તે સિવાય જાહેર સંસ્થા યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળે તે આધારે નિરાકરણ માટેની મિટિંગનો સમય નિયત કરે છે. | રાજ્ય બહારની હોય તે સહિત કોઈપણ વ્યકિત કે સંસ્થા |
| દાખલ કરવાની સમય મર્યાદા શું છે? | કશું નિર્દિષ્ટ કર્યું નથી | પક્ષકારને સમસ્યાની જાણ થઈ હોય અથવા જાણ થઈ હોવી જોઈએ ત્યારે મર્યાદિત અપેક્ષાઓ સાથે 2 વર્ષ[1] | માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દ્વારા લક્ષ્યાંકિત | કહેવાતા ઉલ્લંઘનની તારીખથી 1 વર્ષ |
| કયા પ્રશ્નો હલ કરી શકાશે? | યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કર્યા પૂર્વે ઊભી થયેલી બાબતો સહિત, ભાગ 300 હેઠળની કોઈપણ બાબત (તેમાં અપવાદો છે)[2] | ઓળખ, મૂલ્યાંકન કે શૈક્ષણિક નિમણૂક કે મફત યોગ્ય જાહેર શિક્ષણની જોગવાઈઓને લગતી કોઈપણ બાબત (તેમાં અપવાદો છે) | માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદમાં ઊભા થયેલા પ્રશ્નોની જેમ સમાન | IDEAના ભાગ બી અથવા ભાગ 300ના કહેવાતા ઉલ્લંઘનો |
| પ્રશ્નો હલ કરવા માટેની સમયરેખા શું છે? | કશું નિર્દિષ્ટ કર્યું નથી | સમયરેખામાં ખાસ વિસ્તરણ કરવામાં આવે તે સિવાય નિરાકરણ મુદ્દત સમાપ્ત થયેથી 45 દિવસ.[3,4] | પક્ષકારો લેખિતમાં મિટિંગ જતી કરવા અથવા મધ્યસ્થીનો ઉપયોગ કરવા સંમત થાય તે સિવાય, જાહેર સંસ્થાએ માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના ૧૫ દિવસની અંદર નિરાકરણ માટેની બેઠક બોલાવવી જોઈશે.<br><br>પક્ષકારો અન્યથા સંમત થાય અથવા માતા-પિતા કે જાહેર સંસ્થા નિરાકરણ માટેની મિટિંગમાં ભાગ લેવામાં નિષ્ફળ જાય અથવા માતા-પિતાની યોગ્ય પ્રક્રિયા ફરિયાદ મળ્યાના 15 દિવસની અંદર નિરાકરણ માટેની મિટિંગ બોલાવવામાં નિષ્ફળ જાય તે સિવાય માતા-પિતાની યોગ્ય  ફરિયાદ પ્રક્રિયા મળે ત્યારથી નિરાકરણ મુદ્દત 30 દિવસની હોય છે.[3,5,6,7] | સમય-વિસ્તરણ મંજૂર કરેલ હોય તે સિવાય ફરિયાદ મળ્યાના 60 દિવસની અંદર[8] |
| કોણ પ્રશ્નો હલ કરે છે? | મધ્યસ્થી કરનાર સાથે માતા-પિતા અને જાહેર સંસ્થા<br><br>પ્રક્રિયા સ્વૈચ્છિક છે અને બંને પક્ષકારોને કોઈપણ નિરાકરણ માટે સંમત થવું જોઈશે. | સુનાવણી અધિકારી/વહીવટી કાનૂની જજ | માતા-પિતા અને જાહેર સંસ્થા<br><br>બંને પક્ષકારોએ કોઈપણ નિરાકરણ માટે સંમત થવું જોઈશે | મેરિલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એડ્યુકેશન[9] |

[1] માતા-પિતાને નીચેના કારણોસર યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવાની મનાઈ હોય તો સમય મર્યાદા લાગુ પડતી નથીઃ (1) ખાનગી સંસ્થાએ, સમસ્યાનું નિરાકરણ કર્યું હોવાની કરેલી ખાસ ગેરરજૂઆત, જે યોગ્ય પ્રક્રિયા ફરિયાદનો આધાર બનેલ હોય; અથવા (2) IDEAના ભાગ 300 હેઠળ માતા-પિતાને પૂરી પાડવી જરૂરી માહિતી જાહેર સંસ્થા માતા-પિતાને મળતી રોકી રાખે, (34 (C.F.R. §300.511(f)).

[2] આવા અપવાદોમાં સમાવિષ્ટ કરાય છે : જાહેર સંસ્થા યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ ન કરે અથવા ખાસ શિક્ષણ સેવાઓની પ્રારંભિક જોગવાઈ અંગે માતા-પિતાના ઈન્કારને ઉપરવટ જઈને મધ્યસ્થીનો ઉપયોગ કરે (34 (C.F.R. §300.300(b)(3)); જાહેર સંસ્થા યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ ન કરે અથવા પ્રારંભિક મૂલ્યાંકન અંગે સંમતિ આપવાના માતા-પિતાના ઈન્કારની ઉપરવટ જઈને મધ્યસ્થીનો ઉપયોગ કરે અથવા માતા-પિતાએ મૂકેલ ખાનગી શાળાના બાળક કે ઘરે શાળાનો અભ્યાસ કરાવાતા બાળકના પ્રારંભિક મૂલ્યાંકન કે પૂર્નમૂલ્યાંકન માટે સંમતિ આપવાના માતા-પિતાના ઈન્કારની ઉપવટ જઈને મધ્યસ્થીનો ઉપયોગ કરે; (34 (C.F.R. §300.300(c)(4)(i)); માતા-પિતા દ્વારા ખાનગી શાળામાં મૂકાયેલ બાળકોના માતા-પિતાના અધિકારને, બાળકની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં જાહેર સંસ્થાની નિષ્ફળતાની સામે યોગ્ય પ્રક્રિયા ફરિયાદને દાખલ કરવામાં મર્યાદિત હોય છે. (34 (C.F.R. §300.140); ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકની જોગવાઈ કરવાની જાહેર સંસ્થાની નિષ્ફળતા એ યોગ્ય પ્રક્રિયાની વિષય-વસ્તુ નથી, પરંતુ રાજ્ય ફરિયાદ, રાજ્ય શિક્ષણ સંસ્થા (SEA) સમક્ષ ફાઈલ કરી શકાય (34 (C.F.R. §300.156(e)).

[3] શિસ્તવિષયક કાર્યવાહીને અનુસરીને ત્વરિત સુનાવણી માટે યોગ્ય પ્રક્રિયા ફરિયાદ દાખલ કરવામાં આવે, અથવા બાળકની હાલમાં પ્રવેશ-નોંધણી ન કરાવી હોય અને શાળામાં ન જતો હોય, તો નિરાકરણ મુદ્દત 15 કેલેન્ડર દિવસની હોય છે (7 દિવસની અંદર મિટિંગ યોજવાની સાથે). બંને પક્ષકારોને સંતોષ થાય તે રીતે બાબતનું નિરાકરણ ન આવે, તો સુનાવણીની માગણી કરાઈ હોય તે તારીખથી 20 શાળા દિવસની અંદર સુનાવણી કરવી જોઈશે અને સુનાવણી પછી 10 શાળા દિવસની અંદર નિર્ણય આપવો જોઈશે. (34 (C.F.R. §300.532(c) અને COMAR 13A.05.01.15).

[4] સુનાવણી અધિકારી/વહીવટી કાનૂની જજ, બેમાંથી એક પક્ષકારની વિનંતીથી સમય ખાસ લંબાવી શકશે. (34 (C.F.R. §300.516(c)).

[5] વિનિયમોમાં નિરાકરણ મુદ્દતમાં 30 દિવસનું સમાયોજન કરવાની છૂટ છે. યોગ્ય પ્રક્રિયા સુનાવણી માટેની 45 દિવસની સમયરેખા, નીચેનો કોઈપણ એક બનાવ બને તે પછીના દિવસથી શરૂ થાય છે : (1) બંને પક્ષકારો નિરાકરણ માટેની મિટિંગ જતી કરવા લેખિતમાં સંમત થાય; (2) ક્યાં તો મધ્યસ્થી પછી અથવા નિરાકરણ માટેની મિટિંગ શરૂ થયા પછી પરંતુ 30 દિવસની મુદ્દત પૂરી થતાં પહેલાં, પક્ષકારો લેખિતમાં સંમત થાય કે સમજૂતિ શકય નથી; (3) 30 દિવસની નિરાકરણ મુદ્દત પૂરી થતાં બંને પક્ષકારો મધ્યસ્થી ચાલુ રાખવા લેખિતમાં સંમત થાય, પરંતુ પાછળથી માતા-પિતા કે જાહેર સંસ્થા મધ્યસ્થી પ્રક્રિયામાંથી સંમતિ પાછી ખેંચી લે. (34 (C.F.R. §300.510(c)).

[6] નિરાકરણ માટેની મિટિંગમાં માતા-પિતા ભાગ લેવામાં નિષ્ફળ જાય તો જ્યાં સુધી મિટિંગ ના થાય ત્યાં સુધી તેનાથી નિરાકરણ પ્રક્રિયા અને યોગ્ય પ્રક્રિયા સુનાવણીના સમયરેખામાં વિલંબ થાય છે. (34 C.F.R. §300.510(b)(3)).

[7] માતા-પિતાની યોગ્ય ફરિયાદ પ્રકિયા મળે તેના 15 દિવસની અંદર જાહેર સંસ્થા જો નિરાકરણ માટેની મિટિંગ યોજવામાં નિષ્ફળ જાય, અથવા નિરાકરણ માટેની મિટિંગમાં હાજર રહેવામાં નિષ્ફળ જાય તો માતા-પિતા યોગ્ય પ્રક્રિયા સુનાવણી સમયરેખા શરુ કરવા વહીવટી કાનૂની જજને દરમિયાનગીરી કરવા જણાવી શકે છે (34 C.F.R. §300.510(b)(5))

[8] એક ચોક્કસ ફરિયાદને લગતા જો અસામાન્ય સંજોગો હોય, અથવા માતા-પિતા (અથવા વ્યક્તિ અથવા સંસ્થા, જો રાજ્ય કાર્યવાહીઓ હેઠળ વ્યક્તિ કે સંસ્થાને વિવાદના નિરાકરણ માટે મધ્યસ્થી કે અન્ય વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોય તો) અને જાહેર એજન્સી મધ્યસ્થી કે વિવાદ નિરાકરણ માટે અન્ય વૈકલ્પિક પગલાંમાં સામેલ થવા સમય વધારવા માટે સંમત થાય તો રાજ્ય ફરિયાદ નિરાકરણ લાવવાના સમયરેખામાં વધારો કરી શકાય છે. (34 C.F.R. §300.152(b)(1)).

[9] MSDE ફરિયાદ કાર્યવાહીઓ જાહેર સંસ્થાને ફરિયાદ સામે પ્રતિભાવ આપવાની તક આપે છે જેમાં, જાહેર સંસ્થાની મનસુફીને અધિન ફરિયાદનું નિરાકરણ લાવવાની દરખાસ્ત; અને માતા-પિતા જે ફરિયાદ નોંધાવે છે અને જાહેર સંસ્થા બંનેને સ્વૈચ્છિક રીતે મધ્યસ્થીમાં સામેલ થવાની તક સામેલ છે. (34 C.F.R. §300.152(a)(3)). કેટલાક કિસ્સાઓમાં ફરિયાદી અને જાહેર સંસ્થા, પ્રશ્નનું નિરાકરણ લાવવા MSDEની જરૂર વગર વિવાદનું નિરાકરણ લાવી શકે છે.